Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुर्व्वेद्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ भाद्रपद आत्म सं. २६ | अंक २ जो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ વીરસ્ય ભૂષણું "ક્ષમા" યાચના. | ૩૦ | ૬ વર્તમાન જગતને કેવા મનુષ્યોની જોઇએ છે? | ૫૧ |
| ૨ મિચ્છામિદુક્કડં ગુરૂગુણ કીર્તન | ૩૧ | ૭ સમયને અનુસરતું. ... ... | ૫૨ |
| ૩ જિનધર્મ ... ... ... ... | ૩૨ | ૮ આચાર્ય શ્રીમદ્ હીરવિજયસૂરિજી અને જયંતી. ... ... | ૫૫ |
| ૪ મનોભાવ ... ... ... ... | ૪૪ | | |
| ૫ સ્વાવલંબન ... ... ... | ૪૫ | ૯ વિદ્યાનું દૈવત. ... ... | ૬૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા ગ્રાહકો પ્રત્યે બે બોલ.

## ભેટની બુકના વી૦ પી૦ નું કામ પૂર્ણ થયું છે.

દર વર્ષ મુજબ આ વર્ષે પણ ભેટની બુકનું વી૦ પી૦ સ્વીકારી લવાજમ વસુલ આપનાર આ માસિકની કદર કરનાર ગ્રાહકોનો અમો ઉપકાર માનીએ છીએ; પરંતુ કેટલાક પ્રમાદિ ગ્રાહકોએ બાર અંકો સુધી ગ્રાહક રહી, અમોએ અગાઉ માસિકદ્વારા સુચના આપ્યા છતાં વી૦ પી૦ મોકલવા તેઓએ ના નહી લખવાથી અમોએ ભેટની બુક વી૦ પી૦ કરી મોકલી, છતાં પાછી વાળી નાહક જ્ઞાન ખાતાને નુકસાન કરેલ છે. જોકે તેવા ગ્રાહકોની ઘણી અલ્પ સંખ્યા છે તોપણ પાછું વાળનાર ગ્રાહક મહાશયે તેમ કરવા જરૂર નહોતી; તોપણ તેઓને ફરી ભેટની બુક મંગાવી લવાજમ મોકલી આપવા હાલમાં પત્રદ્વારા જણાવ્યું છે; જેથી તેઓ લવાજમ મોકલી ભેટની બુક મંગાવી લેશે. આવી કાગળ, છપાઈ વગેરેની સખ્ત મોંઘવારી છતાં (માસિકનું કાંઇ પણ લવાજમ નહીં વધાર્યા છતાં, નિયમિત દર વર્ષે અને વળી આટલા ફારમની મોટી ભેટની બુક માત્ર સસ્તી કિંમતે વાંચનનો બહોળો લાભ આપવાના હેતુથીજ જૈન સમાજને અમો આપીયે છીયે, ) તે સુજ્ઞ ગ્રાહકોની ધ્યાન બહાર નહીં હોવાથીજ, તેમજ અનેક ઉત્તમ લેખો વાંચન માટે આપી અમો સમાજ સેવાને બજાવીએ છીએ તેને લઇને, દરમાસે ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે, જેથી જેમની પાસે આ વર્ષનું કે આગલા વર્ષનું લવાજમ લેણું છે તેઓએ લવાજમ મોકલી જ્ઞાન ખાતાના દેવામાંથી મુક્ત થવા અમારી નમ્ર સુચના છે. સસ્તી અને ઓછી કિંમતે વાંચનનો બહોળો ફેલાવો કરવાની ઉદાર ભાવના સભાએ જે રાખી છે; તે અમારા માનવંતા ગ્રાહકો લક્ષમાં લઇ આવા ઉત્તમ લેખોનો લાભ બીજા આપણા બંધુઓ કેમ વધારે લે, તે માટે દરેક સુજ્ઞ ગ્રાહકોએ એક એક બબે ગ્રાહક કરવા પ્રયત્ન કરશો એવી આશા રાખીએ છીએ.

# મુનિ મહારાજાઓને નમ્ર વિનંતિ.

શ્રી ઉપાસક દશાંગસૂત્ર જે કે થોડા વખત ઉપર છપાઈ પ્રસિદ્ધ થયેલ હતું, તે સૂત્ર અમુક અમુક મુનિ મહારાજાઓને તે વખતે અમદાવાદ બીરાજતા પંન્યાસજી મહારાજશ્રી દાનવિજયજી મહારાજ મારફત ભેટ આપવામાં આવેલ છે, હવે તેની કેટલીક કોપીઓ અત્રે આવેલ છે, તો જે મુનિરાજશ્રીને બીલકુલ ભેટ ઉક્ત પંન્યાસજી મહારાજ મારફત ન મળી હોય તેઓશ્રીએ અમોને શ્રાવકના નામ સાથે લખી જણાવવું જેથી સીલીકમાં હશે ત્યાંસુધી પોસ્ટ પુરતા પૈસાનું વી૦ પી૦ કરી મોકલાવીશું.

## આ સભાના સુજ્ઞ લાઇફ તથા વાર્ષિક સભાસદોને નમ્ર સુચના.

ગયા અઢારમા વર્ષના શ્રીઆત્માનંદ પ્રકાશ માસિકની ભેટની બુક છપાઇ ગયેલ છે. તેનું અઢારમું વર્ષ પૂર્ણ થઇ ઓગણીશમું શરૂ થયેલ છે. જેથી જે વાર્ષિક સભાસદ મહાશય પાસે આ વર્ષનું કે આગળના વર્ષનું સભાસદ તરીકે લવાજમ લેણું છે, તેટલા પુરતી ફી તથા ભેટની બુકના પોસ્ટ ખર્ચ સાથે રકમ ચડાવી ફી વસુલ કરવા બહાર ગામના સભાસદોને વી. પી. થી ભેટની બુકો મોકલવામાં આવશે જેથી તે સ્વીકારી લેવું. આ શહેરના સભાસદોને હાથોહાથ પહોંચડાવામાં આવશે, જેથી તેમની પાસે સભાસદ તરીકેના લેણી ફી-લવાજમ વગેરે કારકુનની પહોંચ લઈ આપવી અને ભેટની બુક લેવા મહેરબાની કરવી. લાઇફ મેમ્બર મહાશયને પણ પોસ્ટ પુરતા પૈસાનું વી. પી. કરી તે ભેટની બુક મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

408

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ भाद्रपद. आत्म संवत् २६. [ अंक २ जो.

## वीरस्य भूषणं " क्षमा " याचना.

શ્રી વીર શાસન રસિક સુહૃદય ધર્મ બન્ધુઓ પ્રતિ—

૧

અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો પર્યૂષણામાં પ્રેમથી,
શાસ્ત્રોક્ત જે ફરમાન તદ્ અનુસાર વર્તન નેમથી;
એહવું છતાં વિપરિત ભાવે કૃત્ય જે કીધાં અમે,
"वीरस्य भूषण" જે "क्षमा" એ યાચિએ અર્પો તમે.

૨

"मिथ्यामि दुष्कृत" અર્પવા જૈની પરસ્પર ધાય છે,
પશ્ચાત દ્વેષી વર્તના સુહૃદ અતિ અકળાય છે;
વાચા પ્રમાણે વર્તના મૈત્રી કરી સત્કર્મથી,
સ્વીકારશો ! આ અર્જ આત્માનંદની નિજ ધર્મથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मिच्छामि दुक्कडं.

## હરિગીત.

અપરાધ કીધા હોય જે મન, વાણીને વળી કાયથી,
કદિ હોય પ્રેર્યાં દુષ્કૃતિ માંહે જનોને સ્હાયથી;
જાણ્યે અજાણ્યે જીવોને દુભવ્યા વળી ગર્વમાં,
मिच्छामि दुक्कड હો અમારૂં સાંવત્સરી સુપર્વમાં.
નિજ ધર્મ ધારક સાધુઓ સદ્‌ભાવવાળી સાધ્વીઓ,
સૌ બંધુ શ્રાવક જે વળી સદ્‌ગુણી બ્હેનો શ્રાવિકા;
શ્રી સંઘને અમે ખામીએ ત્રિવિધ ત્રિવિધ સર્વમાં,
मिच्छामि दुक्कड હો અમારૂં સાંવત્સરી સુપર્વમાં
હાથે કદિ જો આચરી પ્રરૂપણા ઉત્સૂત્રની,
લેખો અશુદ્ધ લખ્યા કદિ પ્રમાદને આધીન બની;
કુમતિ ધરીને હોય રાખ્યું ચિત્ત જો દુર્ધ્યાનમાં.
मिच्छामि दुक्कड હો અમારૂં સાંવત્સરી સુપર્વમાં.

# गुरुगुण कीर्तन.

## ॥ सप्तक ॥

( આવો આવો યશોદાના કંથ અમ ઘર આવો રે—એ ચાલ. )

(૧)

ચાલો ચાલો ભવિ ! સહુ આજ વંદન કરવા રે,
કરવા પાવન નિજ દેહ ભવ જળ તરવા રે;
છે ગુરૂ ગીરૂઆ ગુણવંત શાન્ત સુધીરા રે,
શ્રી **कान्तिविजय** મહારાજ જ્ઞાન ગંભીરા રે.

( ૨ )

જેણે મેળવ્યું પદ મનોહર પ્રવર્તક કેરૂં રે,
વળી કેળવ્યું ધરી ઉત્સાહ સમ ન અનેરૂં રે;
જે જૈન પ્રજાના ભાગ્ય થકી અહીં આવ્યા રે,
ભવિ કંજ વિકસિત એ ચંદ્ર દિલમાં ભાવ્યા રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

સ્યાદ્વાદ શૈલી અનુસાર તત્વ સુણાવે રે,
ગૂઢશાસ્ત્રના ખુદ રહસ્ય ખોલી બતાવે રે;
નિક્ષેપા ન્યાય પ્રમાણુ ભંગની સાથે રે,
પંચાંગી સહ અનુવાદ સંશય કાપે રે.

( ૪ )

સૂરિશ્વર વિજયાનંદ તણી પદ સેવા રે,
કરી ચરણુ ઉપાસક ખાસ બની ગુણુ લેવા રે;
પ્રભાવિક પ્રશમ પ્રકર્ષ આતમ સંગી રે,
રસ ભીની મૂરત એહ સંયમ રંગી રે.

( ૫ )

સંદેશ શ્રી વીર જીનંદનો સંભળાવે રે,
માધ્યસ્થ કારૂણ્ય પ્રમોદ મૈત્રી ભાવે રે;
આચાર વિચાર સંયુક્ત કલ્પ પ્રમાણે રે,
આતમ વત્ પ્રાણી માત્ર ભવિ જન જાણે રે.

( ૬ )

સત્ શાસ્ત્ર તણો એ સાર દીલમાં ધરશે રે,
સુખ સંપત્તિ પામી અનેક શિવ પદ વરશે રે;
તે માટે જૈની જગ માંહી ધર્મ ફેલાવો રે,
શાસન રસ સ્વાદે સર્વ જન જગ ભાવો રે.

૭

છે સુજ્ઞ શિષ્ય પરિવાર સોહે સાથે રે,
આરાધે ધ્યેય સ્વરૂપ ગુરૂ કર માથે રે;
કરે ભક્તિ હૃદય ધરી નેહ ચતુર સુભાવે રે,
શ્રી આતમાનંદ સમાજ ગુરૂ ગુણ ગાવે રે.

વિક્રમાબ્દ ૧૯૭૭ }
ભાદ્રપદ પર્યુષણા પર્વ } વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *જિનધર્મ.

## ( ગાંધી વીરચંદ રાઘવજી બી. એ. બેરીસ્ટરે અમેરિકાની ધર્મ પરિષદમાં જૈનધર્મનું આપેલ વ્યાખ્યાન )

### અંક ૧ લો.

આ ભાષણમાળાના છેલ્લા ભાષણનો વિષય મેં જૈનિઝમ ( જિનધર્મ ) પસંદ કર્યો છે, તેમાં મારાથી એ વિષયના સંબંધમાં જેટલું બોલાવું જોઇએ અને એ વિષય પર જે અગત્યની બાબતો જણાવવી જોઇએ, તેનો ટુંકાણમાં સમાવેશ કરીશ. કોઇપણ ફિલ્સુફી ( તત્વવિદ્યા ) યા ધર્મનો તેની સર્વ બાજુઓથી (સર્વ નયપૂર્વક) અભ્યાસ થવો જોઇએ; તેમજ કોઇ પણ ધર્મ યા ફીલ્સુફીનો ખરો આશય હાથ કરી લેવાને, આ નીચેની ચાર બાબતો વિષે શું કહે છે તે અવશ્ય જાણવું જોઇએ.

કોઇ પણ ધર્મ યા ફિલ્સુફી વિશ્વની ઉત્પત્તિ વિષે શું કહે છે? પરમેશ્વર વિષે તેના શા વિચાર છે? આત્મા અને તેની હવે પછીની હાલત, અને આત્મજીવનના કાનુનો કયા કયા છે તે તેણે કહેવું જોઇએ.

આ સઘળા પ્રશ્નોના ઉત્તરો કોઇ પણ ધર્મ યા ફિલ્સુફીનું હાર્દ શું છે તે આપણને સામટી રીતે જણાવી આપશે. અમારા દેશમાં ધર્મ એ ફિલ્સુફીથી ભિન્ન નથી, તેમજ ધર્મ અને ગાંધી વીરચંદ રાઘવજી બી. એ. ફિલ્સુફી શાસ્ત્રીય વિદ્યાથી કંઇ ભેદ રાખતી નથી. અમે એમ પણ કહેતા નથી કે શાસ્ત્રીય ધર્મ કે ધાર્મિક શાસ્ત્ર. અમે એમ જણાવીયે છીએ કે, બન્ને એકજ રૂપ છે. અમે અંગ્રેજીમાં રિલિજીયન શબ્દ છે, તેવા શબ્દનો ઉપયોગ કરતા નથી, કારણકે અંગ્રેજીમાં રિલિજીયન શબ્દનો વ્યુત્પત્યર્થ "ફરીથી બંધાવું" ( બાઇન્ડીંગ બૅક ) એવો થાય છે અને તેથી મનુષ્યને પરતંત્રપણાના વિચાર પર ખેંચી જાય છે. એટલુંજ નહીં પરંતુ આપણને તે એમ જણાવે છે કે તે પરંતત્રપણામાંજ મનુષ્યનાં અને ઇતર પ્રાણીનાં સુખ અને આનંદનો સમાવેશ થયેલો છે; અર્થાત્ અનંત[1] એવા ઇશ્વર પર શાંત[2] એવા જીવે પરતંત્ર-રહેવું—એજ તેને શ્રેયસ્કર છે. જિનધર્મીઓ આ બાબતમાં કંઇ જૂદોજ વિચાર જાહેર કરે છે. તેઓ એમ કહે છે કે **આનંદ** પરતંત્રતામાં નથી, પણ **સ્વતંત્રતા**[3]માંજ છે. સાંસારિક જીવનમાં પરતંત્રતા[4] છે અને સાંસા-

* સન ૧૮૯૨ માં જ્યારે અમેરકામાં દુનિયાના તમામ ધર્મની પરિષદ્ મળી હતી તે વખતે જૈનધર્મના પ્રતિનિધિ તરીકે તેમજ સમાજ તરફથી તેમને મોકલવામાં આવ્યા હતા. જેમાં અન્ય સ્થળે તેમણે અનેક ભાષણો જૈનધર્મ ઉપર આપ્યા છે જેમાનું પ્રથમ આ છે.

1 Infinite. 2 Finite. 3. Liberty. 4 Bondage.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિક જીવન **પણ** ધર્મનો એક ભાગ હોવાથી આપણે **અંગ્રેજી રિલિજીયન શબ્દમાં** જેવો **અર્થ** છે તેવો આશય કદાચ જણાવીએ; પરંતુ તે જીવન કે જે **જીવન આ** સામ્પ્રત જીવનના કરતાં ઘણું **ઉચ્ચ જીવન** છે, અને બંધન યા દુ:ખદ પાપકર્મોથી જેમાં આપણે પોતે તદ્દન મુક્ત છીએ, અર્થાત્ **સ્વતંત્ર** છીએ. **આત્મા** પોતાની ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિમાં કે જે સ્થિતિમાંજ આ**આત્માજ** પોતેજ **પરમાત્મા છે,** ત્યારે તે **મુક્ત અથવા સ્વતંત્ર** છે. અમારા જિનધર્મનું આ રહસ્ય છે માટે તેમાં પ્રથમ વિચાર

## આ વિશ્વ શું છે ?

આ આવે છે. **આ વિશ્વની આદિ છે કે આદિ નથી ? તે નિત્ય છે કે ક્ષણિક છે ?** આ બાબતમાં અલબત ઘણા મત–ભેદો છે, પરંતુ આ વ્યાખ્યાનમાં તે વિષે કંઈ પણ બોલીશ નહીં. હું તો માત્ર જૈન ફીલોસોફીનો શું વિચાર છે, તેજ આપની પાસે રજુ કરીશ. અમે એમ કહેવા માગીયે છીએ કે આપણે કોઇપણ "વિચાર" વા "મત" નો સઘળી બાજુએ તપાસ્યા વિના અભ્યાસ કરી શકીએજ નહીં. આ વિચાર અમે ઘણી ઘણી આકૃતિ વા ચિન્હથી પ્રદર્શિત કરીએ છીએ. અને તેમ કરતાં અમે આ વિચાર હાથી અને સાત આંધળાની વાતથી જાહેર કર્યો છે. આ સાત આંધળાને હાથી શું છે, તે જાણવાનું હતું અને તેમ કરવાને તે જનાવરના જૂદા જૂદા ભાગને અડકીને તે હાથીનો આકાર સૌએ જાણ્યો; અને તેથી તેઓ બધા પોતપોતાના વિચાર માટે હઠવાદી કે આંધળા થયા. માટે જો તમારે

## સત્ય જાણવું હોય તો

જેમ હાથી કેવું પ્રાણી છે તે જાણવાને તેને બધી બાજુઓથી તપાસવો જોઇએ. તેમજ તમારે એ સત્યને માટે કરવું ઘટે છે, એટલા માટે અમે કહિએ છીએ કે:—

**જગત્ એક રીતિએ તપાસતાં અનાદિ છે, ને બીજી રીતિએ જોતાં અનાદિ નથી.**

આખા વિશ્વને સામટું લઇએ, તો તે આખું વિશ્વ અનાદિ છે; તે સઘળી વસ્તુઓનો સમૂહ છે. તે સમૂહ પ્રતિક્ષણે પોતામાં એને એજ રજકણો ધરી રહ્યો છે. એટલામાટે સમૂહ તરીકે તે અનાદિ છે; પરંતુ તે સમૂહના કેટલા ભાગ છે અને તેમાં કેટલાં બધાં રજકણો છે, ને આ સઘળાની જૂદે જૂદે સમયે જૂદી જૂદી હાલત આવે છે. તેના દરેક ભાગ હમેશા એકજ હાલતમાં રહેતા નથી. તેમાં ફેરફાર થયા કરે છે. પ્રત્યેક આકારનો નાશ થાય છે અને નવીન આકાર હસ્તીમાં આવે છે. એટલામાટે જો વિશ્વને આપણે આ અપેક્ષાએ–આ રીતિએ જોઇએ તો તે અનાદિ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો વિચાર આ ફિલોસોફીમાં નથી.–એવા વિચારને માટે તેમાં ક્યાંએ પણ જગા નથી કે "સૃષ્ટિ કંઈ ન હતું તેમાંથી થઇ." આ વિચાર ખરૂં પૂછો તો કોઈપણ સત્યવિચારશીલ પ્રજાએ કબૂલ રાખ્યો નથી. જે લોકો સૃષ્ટિની ઉત્પત્તિ માનનારા છે, તેઓ પણ આ વિચારથી નહીં પણ બીજીજ અપેક્ષાએ– બીજીજ રીતિયે માને છે. કંઇ ન હોતું–શૂન્ય હતું તો તેમાંથી સૃષ્ટિ આવી કેમ ? પરંતુ કોઈ વસ્તુ–કોઇ પદાર્થ છે, તેમાંથીજ એ બહાર પ્રગટ થઇ છે, ને સરજાય છે, એમ આપણે કહિયે છીએ. તેમાં એમ સમજવાનું રહે છે કે, માત્ર કોઇ હાલત સમજાય છે. આ પુસ્તક કોઇ અર્થમાં સરજાયલું છે. કારણ કે બધા રજકણો જૂદી જૂદી હાલતમાં હતાં, ત્યાંથી બધાં ભેળાં કરવામાં આવ્યાં છે. આ પુસ્તકનો આકાર સરજેલો છે. આ પુસ્તકની આદિ હતી અને આ પુસ્તકનો અંત આવશે. એજ રીતે કોઇપણ જડ પદાર્થની આકૃતિ વિષે સમજવું. પછી તે જડ આકૃતિ કેટલાક ક્ષણસુધી ટકી રહે, કે સેંકડો વર્ષસુધી ટકી રહે, પરંતુ જ્યાં આદિ આવી, ત્યાં અંત આવવાનોજ. આપણે કહિએ છીએ કે આપણી આસપાસ કેટલીક( Forces ) બળવન્તી શક્તિ પ્રવર્તી રહી છે. અને એ શક્તિઓમાંજ રક્ષણ અને નાશ એ બેઉ સ્વભાવ છે. આ સઘળી બળવન્તી શક્તિઓ વા બળ આપણામાં અને આપણી આસપાસ પ્રતિક્ષણ પોતાનું કામ બજાવ્યા કરે છે. એ સઘળાં બળોના સમૂહને જૈનો ઈશ્વર કહે છે. **ઓમ્** નામના પ્રણવથી પણ એજ બ્રહ્મ ઓળખાય છે. આ શબ્દનો પ્રથમ ઉચ્ચાર ઉત્પત્તિનો વિચાર દર્શાવે છે. બીજો સ્થિતિનો-અને ત્રીજો નાશનો. આ સઘળી વિશ્વની શક્તિયો ( Forces ) છે અને સામટી રીતે જોતાં તેઓ બધી કેટલીક ચોક્કસ નિયમોને આધીન છે. જો આ નિયમો ચોક્કસ છે તો પછી શા માટે લોકો તેને પગે પડે છે ? શા માટે આ શક્તિસમૂહને તે દેવ કે ઇશ્વર છે એમ ધારે છે ? આ વિચારના આરંભમાં ભૂડું કરવાની શક્તિનો વિચાર હંમેંશા તેની સાથે જોડાયલો રહે છે. જ્યારે હિંદુસ્તાનમાં પ્રથમ રેલવેનો પ્રવેશ થયો ? ત્યારે અજ્ઞાન લોકો તે શું છે એમ સમજ્યા નહીં. જેઓએ પોતાની આખી જીંદગીમાં એવું જોએલું નહીં કે ગાડી ગાડાંઓ કદાચ ઘોડા કે બળદ વિના ચાલે માટે તેઓએ ધાર્યું કે ઇંજિનમાં કોઈ દેવ હો કે દેવી હો પણ છે ખરૂં તેમાંના કેટલાક તો ગાડીને પગે પણ પડતા અને હજી પણ હિંદુસ્તાનના કોઈ ભાગમાં પહાડી લોક અથવા નીચ વર્ણના લોકમાં આ વિચાર ચાલુ છે માટે એ બનવા જોગ છે કે આપણી આરંભની ( અજ્ઞાન કે જંગલી ) સ્થિતિમાં આપણે કોઇ એવા પુરૂષને ધર્યો હશે અને ત્યાર બાદ તે વિચારમાં વૃદ્ધિ થતાં થતાં આપણે આપણા વિચારોને આપણે ચિત્રાકૃતિના સ્વરૂપ આપતાં હઇશું અને તેમ કરી બીજાઓને વિશેષ સ્પષ્ટ રીતે સમજાય તેમ કરતા હઇશું ; ઘણા પ્રાચીન કાળમાં વરસાદ નહીં હતો પણ વરસાદનો પણ દેવ હતો ગડગડાટ નહોતો ગડગડાટનો દેવ હતો અને આ પ્રમાણે આ કુદરતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખાવોને પુરૂષત્વ પ્રાપ્ત થતું અને તે શક્તિઓને ( forces ) કોઇ જીવના પુરૂષો તરીકે માનવામાં આવતા જેમ કેટલાએક ગૃહોમાં સજીવ વ્યક્તિયો હોય છે તેમજ આ શક્તિયો સજીવ હોઇ શકે.

પરંતુ આ શક્તિઓ (forces ) પોતે કાંઇ જીવો નથી એમ છતાં પ્રારંભમાં આ વિચાર હોવો જોઇએ; એમ બતાવી આપે છે. આ શક્તિઓના ( forces ) સરજનાર રક્ષણ કરનાર અને નાશ કરનાર, એવા પણ વર્ગ કરવામાં આવેલા જણાય છે અને આજ ત્રણ શક્તિયોને ત્યાર બાદ કોઇ એક મહત્ શક્તિયોના ભાગ સમજીને તેને હિંદુઓએ બ્રહ્મ નામ આપ્યું હોય એમ ભાસે છે. ખરૂં જોતાં અહીં જે સર્જન કે સૃષ્ટિ એવો શબ્દ આપ્યો છે તે આ અર્થમાં Emanation અર્થાત્ કોઇ એક પદાર્થમાંથી નીકળેલું તે અથવા તેજ પદાર્થનો વિસ્તાર રક્ષણ શબ્દ એવા અર્થમાં વપરાયો છે કે જેનો અર્થ જે જે આકારવાળું છે તેને બચાવનાર અને નાશ કે સંહાર એવા અર્થમાં છે કે તે આકૃતિ કે આકાર તેનો ક્ષય કરનાર.

ઇંદ્રિયોથી જડ પદાર્થનો ખ્યાલ કંઇક જણાય છે અને આમાં શક્તિયો કહેવામાં આવે છે તે પણ જડ શક્તિયોજ હોવી જોઇએ જેમ આકર્ષણ; સ્નેહાકર્ષણ ( મગ્નેટીઝમ ) વિદ્યુત્, ગુરૂત્વાકર્ષણ પરંતુ આ શક્તિયોને ઇશ્વરતરિકે ગણવી એ વિચારતો ઘણોજ જડવાદવાળો છે અને એટલાજ માટે ઇશ્વર અથવા ઇશ્વર જેવો કોઇ પુરૂષ એ વિચારને જેનો પોતામાંથી હાંકી કહાડે છે છે છતાં તેઓ બેલાશક આ શક્તિઓ ( energies ) ની હસ્તી કબુલ રાખે છે અને કહે છે કે આ શક્તિયો સર્વત્ર માલુમ પડે છે પરંતુ તેઓ કેટલાક ચોકસ નિયમોને આધીન છે અને તેમાં કોઇ બીજા પુરૂષથી ( કે ઇશ્વરથી ) વચમાં આવી શકાય એવું નથી એટલુંજ નહીં પરંતુ તે કંઇ અસર પણ કરી શકે નહી; આ શક્તિયો બુદ્ધિ પુર્વક આપણાં ભલાં ભુંડાંને પણ કાંઇ અસર કરી શકે નહીંઅને તેને કહેવું કે તેઓ આપણને અસર કરે છે એ માત્ર તે શક્તિઓના કાનુનોને જેમને તેઓ આધીન છે તે વિષેનું તેમનું અજ્ઞાનજ જણાવે છે; આ શક્તિયોને ( energies ) અમે સામટી રીતે દ્રવ્ય ( Substance )[૧] કહિયે છીયે જડ પદાર્થમાંજ અસંખ્ય ગુણો અને સ્વભાવો હોય છે અને તેઓ જૂદે જૂદે કાળે જૂદી જૂદી રીતે પોતેજ પ્રગટ થાય છે.

આપણે આપણાં વિશેષ જ્ઞાન પ્રગટ્યાં સિવાય કંઇ જાણી શકતા નથી કે જડ પ્રકૃતિમાં કઇ કઇ શક્તિયો ગુપ્તપણે છે તેથી કોઇપણ નવી વસ્તુ બહાર આવે કે આપણે દિગ્મૂઢ થઇ જઇએ છીએ જે કંઇ આપણને અજાયબીમાં નાંખી દે એવું હોય તે કોઇ દેવ તરફથી કંઇક આવેલું ગણીએ છીએ પરંતુ જ્યાં આપણે શાસ્ત્રીય

૧ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણે સહિત તે દ્રવ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંતો સમજીએ છીએ કે સઘળી નવાઇ ખસી જાય છે. અને તે એવી તો સાદી બાબત જણાય છે કે જાણે દરરોજ સૂર્યનું અસ્ત થવું અને ઉદય પામવું સમજતાં હોઈએ; હજારો વર્ષ પહેલાં કુદરતના જૂદા જૂદા દેખાવો, જૂદા જૂદા દેશોમાં જૂદા જૂદા દેવો અને દેવીઓમાં કામો છે એમ સમજતાં હતાં પરંતુ જ્યારે આપણે શાસ્ત્રીય વિદ્યા એટલે સામાન્ય સમજીએ છીએ, ત્યારે આ દેખાવો માત્ર સાદા બનાવો. તે કોઈ એક મોટામાં મોટા દૈવી શક્તિવાળા પુરૂષો છે એવા વિચાર પલાયન કરવા માંડે છે.

## ત્યારે જૈનનો ઈશ્વર તે શું ?

આમ તમે પૂછશો તેના જવાબમાં હું એટલું કહી ગયો તે ઉપરથી તમને એટલું તો સમજાયું હશે કે ઈશ્વર શું નથી ? પરંતુ હવે હું તમને કહીશ કે ઈશ્વર શું છે ? આટલું તો આપણે જાણતા થયા કે જડ ( Matter ) ના કરતાં અર્થાત્ પ્રકૃતિ કરતાં કંઈક બીજું છે. આપણે જાણીએ છીએ કે આપણું શરીર ઘણું ખાસિયતો અને શક્તિયો જણાવે છે. એ સાધારણ જડ પદાર્થમાં મળી આવતી નથી અને તે બીજું કંઇક જે એ ખાસિયતો અને શક્તિયોને જણાવી રહ્યો છે, તે મરણ કાળે શરીરમાંથી વિદાય થાય છે. આપણે જાણતા નથી કે તે કયાં જાય છે. આપણે એટલું સારી પેઠે જાણીએ છીએ કે. જ્યારે તે શરીરમાં હોય છે ત્યારે, શરીરની શક્તિઓ, શરીરમાં ન હોય ત્યારે જે દેખાવ છે તેના કરતાં જૂદા પ્રકારની છે. જ્યારે તે કોઇ શરીરમાં હોય છે, ત્યારેજ શરીર કુદરતની કેટલીક શક્તિયો સાથે સમતામાં આણી શકાય છે. તે બીજું કંઇક છે તેને અમે ઉંચ્ચામાં ઉચ્ચું તત્ત્વ ગણિએ છીએ. અને સર્વ સજીવ પ્રાણીઓમાં તેજ તત્ત્વ છે એમ માનિયે છીએ. આ તત્ત્વ જે આપણા પ્રત્યેકનામાં સામાન્ય છે, તેને અમે દેવતત્ત્વ કહીએ છીએ. આપણામાંથી કોઇમાં તે તત્ત્વ, જેવું જગત્ના તારક મહાપુરૂષોમાં પૂર્ણ વિકાસભાવને પામે છે, તેવા વિકાસભાવને પામ્યું નથી અને એટલા માટે તે મહાપુરૂષોને અમે દૈવી પુરૂષો કહિયે છીએ. એટલે કે સર્વ જીવોમાં લોકના અનુષંગે રહેલાં દૈવીતત્ત્વને અવલોકતાં જે સામટો વિચાર આવે છે તે ઇશ્વર છે.[૧] જડ જગત્માં તેમજ આધ્યાત્મિક જગત્માં ઘણાં સામર્થ્યો ( energies ) શકિતઓ છે, અને તે શક્તિઓને એકત્ર કરી કુદરત કહિયે છીએ. અને તેમાંથી જડ સામર્થ્યો કે શકિતઓ જૂદી પાડીને એકત્ર કરિયેછીએ પરંતુ અધ્યાત્મિક શક્તિઓને અમે એકત્ર એકંદર પરમાત્મા કે ઇશ્વર એવું નામ આપીએ છીએ.

---

૧ ગૂઢ કે ગુપ્ત દેવતત્વ પ્રચ્છન્ન કે છદ્મ, સર્વ જીવમાં છે. દેવતત્વ એવા ભાવમાં અહીં કહેવાય છે. આ શ્લોક તે આ નીચે લખેલો શ્લોક હશે એમ અનુમાન થાય છે.

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृतां ।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये ॥ १ ॥

श्री उमास्वाति स्वामी.

For Private And Personal Use Only

આમ અમે જડ અને જડ શક્તિઓમાંથી ચૈતન્ય શકિતઓ જૂદી પાડિએ છીએ. ચૈતન્ય શકિતઓ કે આધ્યાત્મિક ( energies )શકિતઓનેજ અમે ભજીએ છીએ અને જૈન શ્લોકમાં કહે છે કે " હું તો અત્મિક બળ યા વીર્યને નમું છું કે જે અમને મોક્ષના માર્ગ પ્રત્યે દોરવાનું મુખ્ય કારણ છે, જે પરમતત્ત્વ છે, જે સર્વજ્ઞ છે. તેને તેટલા માટે નમું છું કે મારે તે બળ કે વીર્ય જેવા થવું છે.[૧]" તેટલા માટે જૈન પ્રાર્થનાની રીતિ જણાવેલી હોય ત્યાં એવો આશય ન સમજવો કે તે વ્યકિનપાસેથી કે તે આધ્યાત્મિક સ્વાભાવિક ગુણો પાસેથી કંઇ મેળવવું છે. પરંતુ તેના જેવુંજ થવું છે; એવું કંઇ નથી કે તે દૈવી વ્યક્તિ કોઈ ચમત્કારવડે આપણને પોતા જેવા કરી દેશે. પરંતુ જે ભાવના આપણાં ચક્ષુ સામે રજુ કરવામાં આવે છે, તે ભાવના પ્રમાણે યથાર્થ વર્તન કરવાથી [૧]આપણામાં ફેરફાર કરવાને સમર્થ થઇએ છીએ. અને તેથી આપણે પોતે પુનઃ જન્મ થયો હોય તેવા થઈ રહીએ છીએ. અને તેથી કોઇ એવા જીવ થઇએ છીએ કે જે દૈવીતત્વનું સ્વરૂપ છે, તેજ આપણું થઇ રહે છે. પરમાત્મા વિષે કે ઇશ્વર વિષે આ અમારો વિચાર છે. આટલા માટેજ અમે પરમાત્માને ભજીએ છીએ. એવી ઇચ્છાથી નહીં કે અમને તે કંઇ આપશે. એવી મરજી નહીં કે અમને તે ખુશી કરશે; એવી ઇચ્છાથી નહીં કે એમ કરવાથી અમને કંઇ અંગત લાભ થશે. આવો સ્વાર્થીપણાનો જરાપણ વિચાર નથી. એ તો માત્ર એવું છે કે જાણે ઉચ્ચ ગુણને માટે ઉચ્ચ ગુણ કે સદ્ગુણે વર્તવું, અને તેમાં બીજો કોઈપણ આંતર હેતુ રાખવો નહીં.

## હવે આપણે આત્માસમ્બન્ધી વિચારપર આવીશું.

કોઈ પણ પદાર્થસમ્બન્ધી સાધારણ વિચાર એવો છે કે કોઇ પદાર્થ હસ્તીમાં છે એવું જો હોય તો તેને કંઇ આકૃતિ હોવી જોઇએ અને તે ઇંદ્રિયોથી જણાવો પણ જોઇએ. એટલે કે આપણો સાધારણ અનુભવ એવો છે. પરંતુ ખરેખરૂં જોતાં એ તો માત્ર આપણા જીવના ઇંદ્રિયગોચરના ભાગનોજ અનુભવ છે, એને તે તો માત્ર મનુષ્ય વ્યક્તિનો હલકામાં હલકો ભાગ છે. અને તે અનુભવથીજ આપણે માત્ર અનુમાન બાંધિયે છીએ અને ધારિયે છીએ કે આ અનુભવ સર્વ પદાર્થને લાગવો જોઇએ. આ વિશ્વમાં એવા પદાર્થો છે કે, તે ઇંદ્રિયોવ વડે જણાયજ નહીં, કેટલાંક એવાં લાગણી દ્રવ્યો છે. અને કેટલીક એવી વ્યક્તિયો છે કે તે તો માત્ર જ્ઞાનવડે, કે આત્માવડેજ જાણી શકાય. આવી વસ્તુ કે દ્રવ્ય દેખી શકાય નહીં કે નહીં સાંભળી શકાય, નહીં ચાખી શકાય, નહીં સુંઘી શકાય, એટલુંજ નહીં પણ, સ્પર્શાયપણ નહીં એવા પદાર્થને રહેવાને કંઇ સ્થાનની અપેક્ષા નથી, કે કંઇ સ્પર્શ થઇ શકે

૧ એ ભાવના પ્રમાણે ક્રિયા કરવાથી, ચરિત્ર ચાલવાથી—માત્ર ભાવનાથીજ નહીં.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું પણ હોવાની જરૂર નથી, તથાપિ જોકે તેને આકાર ન હોય તોપણ તે હસ્તીમાં હોઇ શકે. તે વસ્તુ કંઇ આકારમાં હોય, પરંતુ જે આકારને શબ્દરૂપ વગેરે હોય તેવા આકારવાળી જાતિ કે હસ્તીમાં હોવાની તેને જરૂર નથી.

એવી તો એક પણ વસ્તુ ન હોય કે જેનામાં જડનાં પણ લક્ષણ હોય અને ચેતનનાં પણ લક્ષણ હોય. કેમકે જડવસ્તુનાં લક્ષણ ચેતનવાળી વસ્તુ કરતાં બિલકુલ ઉલટાંજ હોય છે. બાકી કંઇ એકના પેટામાં બીજી હોય તેથી કરીને કંઇ એક તે બીજી થઇ જતી નથી. જ્યારે આત્માનાં લક્ષણ બિલકુલ જૂદીજ તરેહનાં છે તો પછી તે જડની અંદર કેમ રહી શકે. આપણા જાતિ અનુંભવથી આપણે જાણિયે છીએ કે આપણને આપણી આસપાસની જે વસ્તુઓ આપણાં જેવાં લક્ષણવાળી નથી. તેની વચ્ચે રહેવાની ફરજ પડે તો લોકો જાણે છે કે તેમની આસપાસની વસ્તુઓ સાથે તેમને કંઇ સંબંધ નથી ત્યારે એવી આસપાસની વસ્તુઓની વચ્ચે રહેવાની ફરજ પડવાને કંઇક કારણ જોઇએ. પણ તે કારણ તો બુદ્ધિની અંદરજ હોવું જોઇએ. એ કંઇ જડ વસ્તુમાં હોય નહીં. એ વાત ખરી છે એવું આપણે જાણિયે છીએ. કારણ કે બુદ્ધિ કંઈ સાવ જડ વસ્તુમાંથી પેદા થતી નથી. કોઇપણ જડ વસ્તુ પોતામાં બુદ્ધિ છે એવો પુરાવો હજી સૂધી આપી શકી નથી. જ્યારે તેની અંદર સત્વ હોય હોય, ત્યારે તો પોતામાં બુદ્ધિ છે એમ કહી શકે, પણ જ્યારે સત્વ ન હોય ત્યારે બુદ્ધિ ન હોય.

એતો આપણને ખાત્રી છે કે બુદ્ધિ ઉપર જડવસ્તુની અસર થાય છે પણ કાંઇ જડવસ્તુની અંદરથી બુદ્ધિ નીકળતી નથી. જ્યારે માણસ પૂર્ણ ભાનમાં હોય અને પછી કંઇ કેફી ચીજ પીએ, તો તેથી કરીને તેની બુદ્ધિ કંઇ કામ કરી શક્તી નથી. **આ જડવસ્તુની અસર ચેતન વસ્તુ ( આત્મા ) ઉપર શા માટે થાય છે!** જીવ પોતે એમ ધારે કે આ દેહ તે હું જ છું અને જડ દેહને જે કંઇ થાય તે પોતાને થાય છે એમજ સમજે છે. અહીં ક્રિશ્ચિયનશાસ્ત્રવેત્તા અથવા રસાયન શાસ્ત્રી અને જૈન તત્વજ્ઞાની એક મત થાય છે, જ્યાંસુધી આત્મા એમ વિચારશે કે દેહ તે હું, ત્યાંસુધી દેહને જે કંઇ થશે તે પોતાને થયું એમ સમજશે. પણ એક ક્ષણવાર આત્મા વિચાર કરે કે હું અને દેહ તો જૂદાં છીએ. દેહ તો બિલકુલ પર છે, તો પછી દુઃખનું તો નામજ હસ્તીમાં રહેશે નહીં. આપણું ધ્યાન જો કોઇ બીજી તરફ દોરાઇ ગયું હોય તો આપણી સમક્ષ જે થાય છે, તે આપણે જાણતાં નથી. આ વાત દર્શાવે છે કે પોતે શરીર કરતાં કંઇક ઉંચા દરજ્જાનો છે, તોપણ સાધારણ રીતે શરીરની અસર આત્મા ઉપર થાય છે અને તેથી કરીને આત્મિક અને શારીરિક કાયદાનો આપણે અભ્યાસ કરવો જોઇએ કે જેથી આ નાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓ કરતાં આપણે ઉંચા ચડી શકીએ અને આપણા મોક્ષમાર્ગ તરફ આગળ વધીએ કે જે મોક્ષ મેળવવાની આકાંક્ષા આત્માની છે.

અલબત જડવસ્તુમાં પણ શક્તિ છે, પણ તે આત્મા કરતાં ઘણીજ ઓછી અને હલકા પ્રકારની છે. જો જડમાં કંઇ શક્તિ ન હોય તો તો આત્મા ઉપર તેની અસર થઇ શકે નહીં. કારણ કે જ્યારે કંઇ શક્તિ છેજ નહીં તો પછી કોણ અસર કરી શકે ? શરીરની શક્તિ જે આપણે અનુભવીએ છીએ તે તેની અંદર આત્મા છે તેને લીધે છે. જડવસ્તુની અંદર શકિત છે તેના દાખલા આગળ કહેવાઇ ગયા તે પ્રમાણે સંયોગીતત્વ, લોહચુંબક વિગેરેનું સમજવું; અને આ વસ્તુઓ આત્મા વિના પણ પોતાની મેળે કામ કરી શકે છે. જો પૃથ્વીની આસપાસ ચંદ્ર ફરતો હોય તો એમ સમજવું કે ચંદ્રમા અને પૃથ્વીમાં સ્વાભાવિક કંઇક શકિત છે.

આટલું બધું કહેવાનો સાર માત્ર એટલોજ કે જે આ જડ વસ્તુઓની શકિત આત્મા ઉપર અસર કરે છે તેનું કારણ એટલું કે આત્મા પોતે તેને તાબે થવાને તૈયાર અને ખુશી થાય છે. જો પોતેજ એવો મત ધારણ કરે કે મારા ઉપર તો કોઇની અસર થવીજ જોઇએજ નહીં, તો પછી તેના ઉપર અસર નજ થાય. આ પ્રમાણે જ્યારે આત્માનો સ્વભાવ છે, તો હવે તેનું મૂળ શું તે તપાસિયે, કેમકે દરેક વસ્તુનાં બન્ને પાસાં તપાસવાં જોઇએ વસ્તુ અને તેનું સ્વરૂપ. જો આપણે આત્માની સ્થિતિ અથવા હાલત વિષે વિચાર કરીએ તો તેની ઉત્પત્તિ પણ છે. મનુષ્યદેહમાં આત્માની સ્થિતિ એમ લઇએ તો જન્મ વખત, એ સ્થિતિની શરૂઆત અને મરણ વખતે તેનો નાશ. પણ તે ઉત્પત્તિ અને નાશ તે પેલી સ્થિતિનો. પણ વસ્તુ પોતાનો નહીં. આત્માને દ્રવ્ય તરીકે લઇએ તો હમેશાં નિત્ય છે અને તેની સ્થિતિ[1] માટે કહીએ તો દરેક સ્થિતિની ઉત્પત્તિ અને નાશ છે. હવે આ આત્માની સ્થિતિની ઉત્પત્તિ એ વાત દેખાડે છે કે આ ઉત્પત્તિ પહેલાં આત્માની બીજી સ્થિતિ હતી. કોઇક સ્થિતિમાં વસ્તુ હોય તોજ કોઇક બીજી સ્થિતિમાં હોઇ શકે. નહીં તો હયાતીમાં આવી શકેજ નહીં. સ્થિતિ હમેશાં જોઇએ તો કાયમ નહીં રહે, પણ વસ્તુની કોઇક સ્થિતિ તો દરેક વખતે હોયજ. તેથી કરીને જો આપણા હાલના આત્માની સ્થિતિની ઉત્પત્તિ છે, તો તે પહેલાં કોઇક સ્થિતિ હોવી જોઇએ, અને આ સ્થિતિના નાશ પછી કંઇક બીજી સ્થિતિ ધારણ કરવી જોઇએ તેથી કરીને ભવિષ્યની સ્થિતિ તે આ હાલની ચાલતી સ્થિતિનુંજ પરિણામ છે, એમ સમજવું. અને જેમ ભવિષ્યની તે હાલની સ્થિતિનું પરિણામ, તેમ હાલની તે પૂર્વનીનું પરિણામ. કારણ કે વર્તમાન તે અતીતનો અનાગત જ

૧ તેના પર્યાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ત્યારે ભવિષ્યની સ્થિતિની બાબતમાં પણ તેમ છે, પૂર્વની કૃતિઓએ ( કર્મોએ ) વર્તમાન સ્થિતિ નિર્માણ કરી છે. અને જ્યારે તેમ છે તો વર્તમાનનાં કૃત્ય ભવિષ્યની સ્થિતિ નિર્માણ કરવાનાંજ. આ બધી વાત આપણને પુનર્જન્મના સિદ્ધાંત ( Principle ) ઉપર લાવે છે પૂનર્જન્મને માટે અંગ્રેજીમાં રીબર્થ, રીઇનકારનેશન, ટ્રાન્સમાઇગ્રેશન અને મેટેમ્સિકોસીસ એવા શબ્દો છે.

પ્રથમ "રીઇનકારનેશન" લો, કે જેનો સાધારણ અર્થ ફરીથી "માંસ થવું તે." અને ખરેખરી રીતે તો જે જડ છે તે જડ જ છે, અને જે સ્પિરિટ અથવા ચેતન છે, તે ચેતન જ અથવા આત્મા જ છે. કંઈ ચેતન માંસ બનતું નથી. જો રીઇનકાર-નેશન–ફરી દેહ ધારણ કરવો–એટલે માંસ થવું એમ હોય તો રીઇનકારનેશન થઇ શકે નહીં. પણ જો તેનો અર્થ એમ કરવામાં આવે કે "ટુંકા વખતને માટે માંસની અંદર જીંદગી" તો રીઇનકારનેશન છે. રીઇનકારનેશનનો એવો પણ અર્થ છે કે ફરીફરીને કોઇક ને કોઈક સ્થિતિમાં જન્મવું.

મેટેમ્સિકોસીસનો અર્થ ગ્રીક ભાષામાં ફક્ત "ફેરફાર" થાય છે. પ્રાણિયો તે, શરીર અને આત્મા, એ બધું ભેગુ તે મનુષ્યપણામાં ફેરવાઈ જાય છે, અને તે બધું કંઈક ત્રીજીજ વસ્તુમાં ફેરવાઈ જાય છે અને એ પ્રમાણે આગળ "મેટેમ્સિકોસીસ" નો અર્થ છે. સોલ ( આત્મા ) નું ટ્રાન્સિમાઇગ્રેશન ( જન્માંતર ) એ વિચાર ખાસ કરીને ક્રિશ્ચિયનોમાં છે. મનુષ્ય–આત્માએ પ્રાણીના શરીરમાં જવું એ જાણે કે જરૂરનુંજ છે પણ તે ખરો વિચાર તો ફક્ત એક વસ્તુમાંથી બીજી વસ્તુમાં જવું અથવા એક શરીરમાંથી બીજા શરીરમાં જવું, પણ કાંઈ ફરજીયાત રીતે એમ નહીં કે મનુષ્ય દેહમાંથીજ પ્રાણી દેહમાંજ જવું, પણ ફક્ત જવું અથવા મુસાફરી કરવી. આ વાત સાકારનો વિચાર સૂચવે છે, કેમકે જ્યાંસુધી સાકાર ન હોય ત્યાંસુધી–જ્યાં સુધી કોઈ જગા રહેવાને જોઈએ નહીં ત્યાંસુધી એક ઠેકાણેથી બીજે ઠેકાણે ગમન થઇ શકે નહીં. તેથી કરીને અમારી ફીલોસોફીમાં ( તત્ત્વજ્ઞાનમાં ) અમારે તો પુનર્જન્મ ( રીબર્થ ) નો વિચાર માન્ય અથવા કબુલ છે. એટલે કે આત્મા કોઇ બીજા શરીરમાં જનમ્યો, અને જન્મ એ કંઇ જે હાલતમાં મનુષ્યદેહમાં જન્મ થાય છે તેજ હાલત દરેક ઠેકાણે હોય એમ દેખાડતો નથી કેટલીક એવી સ્થિતિઓ હોય છે કે જેમાં માણસો જન્મ લે છે. બીજને પાકતાં કેટલાક મહિના થાય છે અને ત્યારપછી તેનો જન્મ થયો કહેવાય છે. કોઇપણ મનુષ્યે કંઇ કર્યું અને તેને લીધે આ થયું એમ છે. વળી કોઇ મનુષ્યશક્તિ તેને બીજા ગ્રહમાં લઈ જાય છે અને એ પ્રમાણે આપણે કહીએ છીએ કે જન્મની તે બીજી સ્થિતિ છે. વળી ગર્ભ ધારણ કરવાની પણ કંઇ જરૂર નથી. કાર્મણ શરીરમાંજ એટલી બધી શક્તિઓ છે કે તે પોતે બીજાં શરીર પોતાના ભેગાં લઇ શકે છે. મનુષ્યદેહમાં સૂક્ષ્મ શરીર અને બીજા પ્રાણીના દેહના સૂક્ષ્મ શરીરના આકાર અને કદ વારંવાર ફેરવાયા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે આપણે કોઇ પણ જાતિમાં જીવીને તે જાતિથી વિરૂદ્ધ જાતિનાં કર્મો કર્યાં હોય તો એ જરૂરનું છે કે તેના કર્મને અનુસારે બીજો જન્મ થવો જોઇએ અને મનુષ્ય જાતિમાં આવવું હોય તો, તેને મનુષ્ય જાતિને મનુષ્યને યોગ્ય કર્મ કરવાંજ જોઇએ અને તેમ છતાં જ્યારે તે જૂદીજ જાતનાં કર્મો ઉપાર્જન કરે છે, ત્યારે તે જૂદાજ ગ્રહોમાં ઉત્પન્ન થાય છે અને જૂદા જૂદા દેખાવ ધારણ કરે છે, ત્યાં નરમાદાનો સંબંધ થવો જોઇએ એમ જરૂરનું નથી. જીવનની એટલી બધી જાતની સ્થિતિઓ છે કે ફકત મનુષ્ય જીંદગીની સ્થિતિનોજ અભ્યાસ દરેક જીંદગીની સ્થિતિને લાગુ પાડી શકાય નહીં. આપણે તો ફકત મનુષ્ય અને બીજાં કેટલાંક પ્રાણીની સ્થિતિનો અભ્યાસ કર્યો છે, પણ તે તો માત્ર આપણે હાલ જે સાયન્સ આટલે દરજ્જે ચડેલું હોવાને લીધે જેટલો અભ્યાસ કરી શકીએ તેનો એક સૂક્ષ્મ ભાગ છે. કેટલીક સ્થિતિનો અભ્યાસ કરવાને આપણે અશક્ત છીએ કારણકે જગત્માં અસંખ્ય સ્થિતિઓ છે માટે એક સ્થિતિના કાયદા બધી સ્થિતિને લાગુ પડી શકાય નહી.

અમારો અભ્યાસ આંતર્દ્રષ્ટિનો છે કેમકે અમારો મત એવો છે કે આત્મા બધું બરાબર સમજવાનો સમર્થ છે આવી સ્થિતિમાં જે જ્ઞાન મળે તે સારૂં મળે કેમકે શાસ્ત્ર ( સાયન્સ ) થી રીતે જે મુશ્કેલીઓ આવે તે આમાં આવતી નથી શાસ્ત્ર વેત્તાઓ ( સાયન્ટિસ્ટો ) ભૂલ કરે છે પણ ધારે છે કે તેઓ ભૂલ કરતા નથી કેટલીક બાબતો કે જે ખરી ન હોય તેમાંથી જે સાર કાઢેલ સાર ખરો ન હોય તેમાંથી જ્ઞાન મેલવે. અમારૂં કહેવું એમ નથી કે નજરે જોએલી વસ્તુ સંબંધી જ્ઞાન મેળવ્યું હોય તેમાં હમેશાં ભૂલો હોય પણ કોઇ કોઇ વખતે હોય ખરી અને કદી ખરૂં હોય તો પણ આપણે તેના ઉપર આધાર રાખી શકીએ નહીં. ખરૂં જ્ઞાન તો એ કેહેવાય કે જે—આત્માએ બહારની કોઇપણ ચીજની મદદ લીધા વિના મેળવ્યું હોય. જ્ઞાન મોક્ષના જીવનું અથવા જેમને મોક્ષ બહુજ નજીક છે તેવા જીવનું જ્ઞાન અથવા માનસીક નૈતિક અને આત્મિક પવિત્રતા જેની પુર્ણ થઇ હોય અને એજ વખતે ઘણાં ખરાં પુર્વના કર્મો ખપાવ્યાં હોય તેવા જીવોનું જ્ઞાન ખરૂં જ્ઞાન કહેવાય

જ્યારે આ સ્થિતિએ આત્મા પહોંચે છે ત્યારે તે બધું જાણે દેખે છે એટલે સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છે. સર્વદર્શીપણું તે પોતેજ દેખડાવી આપે છે કે આત્મા પોતે પોતાને પણ જૂએ છે. જે દશામાં આત્મા સર્વજ્ઞ અને અનંત સુખમય હોય તે દશા આત્માની ઉંચામાં ઉંચી સમજવી. કારણકે સંસ્કૃતમાં આપણે આ ત્રણ ચીજો જોઇએ છીએ. અક્ષય, અક્ષય, અક્ષય. આ સ્થિતિવાળા આત્માનું આપણે વર્ણન કરી શકીએ નહીં કારણકે વર્ણન કરનારા આપણને તો અપુર્ણ મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને તે આત્મા તો અનંત દશાવાળાનું સંપુર્ણ રીતે કેવી રીતે વર્ણન કરી શકે! માટે તે એવી સ્થિતિવાળા આત્માનું આપણે જે વર્ણન કરીયે તેમાં જોકે ઘણું હોય તોપણ તે પુર્ણ ન હોય આટલે બહુ વાતો મૂકી દીધેલી હોય આપણા પોતાના મનમાં જેટલા વિચાર હોય તેટલા આપણે બરાબર વર્ણવી શકતા નથી તો આત્મા કે જેનું વીર્ય અને જ્ઞાન અનંત છે તો તેનું વર્ણન કેવી રીતે કરી શકીએ ? આત્મા અને જગત્‌ની સ્થિતિનો જૈનોએ આટલા પૉઇન્ટથી અભ્યાસ કર્યો છે અને તેથી કરીને બહુ સરસ તત્વો ખેંચી શકયા છે આ તત્વ સંબંધી વિચાર કરીએ ત્યારે આ દેશ ( અમેરિકા ) અને બીજા દેશ તથા બીજા ધર્મો વચ્ચે તફાવત એ છે કે બીજાઓ જે કાંઇ સમજે તે ઉપર કહેલાં પોઇન્ટો ધ્યાનમાં રાખીને સમજે બાઇબલ કહે છે કે “ તારે કોઇને મારવો નહીં.” ( Negative. ) અને જૈનો તેમજ બીજા દર્શનો કહે છે કે સર્વ પ્રાણી ઉપર પ્રેમ અને દયા રાખવી ( Affirmative ) એ બધાનો અર્થ એજ કે આપણે કોઈ પણ જીવને મારવો નહીં. આપણે દરેક વસ્તુનાં ગુણ લક્ષણ અને કામ આ બધું ધ્યાનમાં લેવું જોઇએ જગત્‌માં જે વસ્તુની સ્થિતિ આપણે જાણી સકીએ તે વસ્તુનો અમૂક ભાગ ફક્ત જાણવાથી આપણે એ વસ્તુના કાયદા ન જાણી શકીએ કે જે આખા જગત્‌ને લાગુ પડે; જો જગત્‌નો સ્વભાવ તમારે બરાબર ખરી રીતે વર્ણવવો હોય તો જગત્‌ની જૂદી જૂદી વસ્તુઓના સ્વભાવનો અભ્યાસ કરો અને જો તેમ થાય તો પછી બધા ભાગોને તે કાયદા લાગુ પાડી શકશો; આપણે મનમાં એમ સમજીએ કે આપણા ભાઇુત ભોંય તળીયે રહે છે અને તેથી આપણે તેમના કરતા ઉંચા છીએ પણ તેથી એમ ન સમજવું કે આપણે ઉંચા છીએ માટે તેમને કચડી નાંખવાનો આપણને હક છે તેઓને પણ કોઈ રખતે પહેલે બીજે કે ત્રીજે અને વખતે છેલ્લે માળે પણ રહેવાને હક સંપાદન થાય. જે ઉચ્ચસ્થિતિમાં હોય, તેમને હલકી સ્થિતિવાળાને કચડી નાંખવાનો હક નથી, જો કોઇ એમ કહે કે તેને પોતાને તેમ કરવાનો હક છે અથવા બીજા જીવોને મારી નાંખ્યા વિના પોતાનામાં પૂરતું બળ આવતું નથી, તો અમારૂં તત્વજ્ઞાન એકદમ કહેશે કે ગમે તેવી ઉંચી સ્થિતિમાં પણ કોઈ જીવને મારવો તે પાપ છે અને તે કરનારે એક હલકી ગતિ પોતાને માટે પસંદ કરી લીધી છે ! ધંધો કરવા માંડીશુ તો આપણે એવો ધંધો કરવા માંડશું કે જેમાં નફો હોય અને જેમાં નુકશાન ન હોય અને કરજ ન હોય. ઉચ્ચ સ્થિતિ તો તે કહેવાય કે જેમાં કરજ કે લેણીયાત ન હોય માટે લેણીયાત વિનાની અને પૂરેપૂરી મુક્ત સ્થિતિ તેજ ઉચ્ચ સ્થિતિ. મુક્તિસ્થિતિ અથવા જેને આપણે મોક્ષ કહીએ છીએ તે સ્થિતિ તેવી જાણવી. કર્મસંબંધી વિચાર ગુંચવણ ભરેલો છે. તે સંબંધી કંઇક મેં મારા આગલા ભાષણમાં કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ આપણે પીલગ્રિમ્સ પ્રોગ્રેસની રૂપક વાર્તામાં કહ્યું છે તેમ કર્મ વિચારમાં એવું કંઇ નથી કે જે નસીબ અથવા ક્રિશ્ચિયન વિચારને મળતું હોય. અને એમાં એવો પણ વિચાર નથી કે મનુષ્યજીવ બીજા કોઇના બંધનમાં આવી પડ્યો છે, તેમ એવો પણ વિચાર નથી કે પોતાની બહારની કોઇ શક્તિને તે પરાધીન થઇ ગયો છે. પરંતુ એક આશયની અંદર તેનો અર્થ નસીબ પણ થઇ શકે છે. જો કે આપણે કેટલુંક કરવાને સ્વતંત્ર હોઇએ તેજ, દેવો કરવાને સ્વતંત્ર હોતા નથી. અને આપણને આપણાં કર્મનાં પરિણામ ભોગવ્યા વિના ચાલતું નથી. કેટલાંક પરિણામો જબરદસ્ત હોય છે; અને કેટલાંક સાધારણ હોય છે. કેટલાંક ભોગવતાં ઘણો વખત જોઇએ છીએ અને કેટલાંક ભોગવતાં ટુંકો. કેટલાંક પરિણામ એવી જાતનાં હોય છે કે જેનો ક્ષય લાંબે વખતે થાય છે અને કેટલાંકનો ટુંકે વખતે એટલે કે જાણે પાણીથી ધોઇ નાંખીએ કે ખરી પડે, અથવા ક્ષય થઇ જાય. એ કર્મ અથવા જે કર્મો પક્કા ઇરાદાથી ન કર્યાં હોય તેની અસર પાણીથી ધોઇ નાખવાથી ખરી પડે તેવીજ થાય છે. ત્યારે કેટલાંક કામ કરેલાં હોય છે, તેની જે અસર થએલી હોય, તેની સામે બીજાં કર્મો કરિયે તોપણ તે દૂર થાય, એટલામાટે કર્મવિચાર તે નસીબનો વિચાર છે એમ નથી; પણ આપણે કહિયે છીએ કે આપણી મરજી વિના આપણે બધા એક જેલમાં જતા નથી અથવા આપણે કંઇ પણ યત્ન કર્યા વિના તે સ્થિતિએ પહોંચતા નથી. પરંતુ આપણી હાલની વર્તમાનસ્થિતિ, એ અતિતકાળનાં આપણાં કામ, શબ્દો અને વિચારનુંજ પરિણામ છે. અમૂક એક માણસ મરી ગએલો છે અને તેથી કરીને બધા જીવો તે સંપૂર્ણ સ્થિતિએ પહોંચશે એવું જે કહેવું, અથવા તે માણસને માનવાથી બધા તરી જશે, એમ જે કહેવું તે ફેટાલીઝમની થીઅરી ( પ્રારબ્ધવાદનો નિયમ ) કહેવાય. કેમકે જે માણસો પવિત્રતા અને સદ્ગુણમાં વર્ત્યા છે પણ અમુક ભાવના (થીઅરી) અંગિકાર કરી નથી માટે તે સ્થિતિએ પહોંચી શકે નહીં અને જેમણે તે (થીઅરી અંગિકાર કરી છે તે તેજ કારણને લીધે ( નહીં કે બીજાં કારણને લીધે ) તે સંપૂર્ણ સ્થિતિને પ્રાપ્ત થશે એવું જે કહેવું તે નશીબવાદ. જગતૂતારકનામાં જે શ્રદ્ધા તેનો તો અર્થ એ કે તે ઇશ્વરી શક્તિ અથવા તત્વ કે જે આપણા પોતામાં પણ છે તેનું અનુકરણ કરવું. અને જ્યારે તે શક્તિ પૂર્ણ રીતે ખીલે એટલે કે સારા વિચારરૂપી યજ્ઞકુંડમાં હલકાને હોમે, ત્યારે આપણે પણ ક્રાઇસ્ટ (પરમાત્મા) થઇએ. અમે પણ સ્વસ્તિને (ક્રોસને) ધર્મચિન્હ સમજીએ છીએ. દરેક જીવને હલકી સ્થિતિમાંથી નીકળીને ઉંચી સ્થિતિમાં જવું હોય છે પણ ત્યાંસુધી તે સ્થિતિએ તેમનાથી જઇ શકાતું નથી, જ્યાંસુધી કે તેઓ ત્રણ રત્ન એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્ર મેળવે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યક્દર્શનનો અર્થ એ નથી કે આપણે મરણ થયા પછી બીજી સ્થિતિમાં જન્મ લેવો પડે, પરંતુ એવું સમ્યક્દર્શન પ્રાપ્ત થયા પછી સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થાય તો પછી કોઇપણ નીચી ગતિમાં ગયા વિના પોતાના સ્વભાવથીજ ઉંચી ગતિએ ચઢ્યા કરશે. આ વાત મેં રૂપક કે અલંકાર વિના ચોખ્ખા શબ્દોમાં કહી છે, પરંતુ જ્યારે અજ્ઞાન લોકોની પાસે આ બધા સત્ય તત્વ કહેવા હોય ત્યારે કંઇક અલંકાર કે દાખલા આપવાની જરૂર પડે છે અને ત્યારપછી તેનો ખરો અર્થ સમજાવવામાં આવે છે.

## " મનોભાવ. "

હરિગીત વૃત.

આયુ યુવા મમ લક્ષ્મી, ચપળ ચપળા જાણવો,
અસ્થીર છે ઉન્મત ખરે!; મોહાંધ બનતા માનવી;
નીતી દયા પરમાર્થને, વૈભવ તરંગે ભુલતા,
મદમાં છકેલા મુગ્ધ ઓ! સમજો કાંઇ અસારતા.

* * *

આરોગ્યતા સુખ સંપત્તી, સુપત્ની પુત્ર બાંધવો,
બહુમાન યશ કીર્તિ અને સુસંપ સ્વજન કુટુંબનો;
વીલાસના વાણી તણી, સદાચારથી સુભાગ્યને,
સત્કર્મથી ત્યો ભોગવી, પૂર્વે કરેલા પુન્ય એ.

કલ્યાણચંદ કેશવલાલ—વડોદરા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાવલંબન.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

" પરાધીન સ્વપ્ને સુખ નહિ, કરિ વિચાર દેખો મન માંહિ."

પહેલુંજ લખવામાં આવ્યું છે કે મનુષ્ય–જીવન વાસ્તવિક રીતે એક મહાન સંગ્રામ છે. ગયા ત્રણ લેખોમાં એ સંગ્રામમાં સફલતા પ્રાપ્ત કરવા માટે કેટલાક ઉપાયોનું વર્ણન કરવામાં આવ્યું છે. હવે આ લેખમાં ચોથા ઉપાયનું અર્થાત્ સ્વાવલંબનનું વર્ણન, કરવામાં આવશે.

સ્વાવલંબનનેજ આત્મ–નિર્ભયતા, સ્વાતંત્ર્ય પ્રિયતા, સ્વયં સહાય, અને આત્માવલંબન પણ કહેવામાં આવે છે. તેનો અર્થ એ છે કે આપણા પોતાના આધાર પર રહીને સંસાર–યાત્રા પૂરી કરવી, અથવા પોતાના પગ ઉપર ઉભા રહેવું. સફલતાના જેટલા અંગો છે તે સર્વમાં એનો દરજ્જો ઘણોજ ઉંચો છે. તે એક એવી શક્તિ છે કે જે દ્વારા મનુષ્ય અનેક વિઘ્ન બાધાઓ હોવા છતાં પણ પોતાનો ઉદ્દેશ પૂર્ણ કરવાનો યત્ન કરી શકે છે. આળસુ અને પરોપજીવી લોકોને માટે તો એ વિષથી પણ અધિક કડવું છે. જેઓને સંસારમાં રહેવું છે, જેઓને સંસારમાં પોતાનું આસ્તિત્વ સ્થિર રાખવું છે અને જેઓનેસુખનો કિંચિત્ પણ અનુભવ કરવો છે તેઓને માટે સ્વાવલંબન એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રિય વિષય છે. મનુષ્ય જાતિનો ઇતિહાસ એ વાતની સાક્ષી પુરે છે કે સ્વાવલંબન વગર કોઇ સમાજ, દેશ યાને રાષ્ટ્ર પરાધીનતાની બેડીમાંથી કદિ પણ મુક્ત થઇ શક્તો નથી.

અંગ્રેજીમાં કહેવત છે કે " God helps those who help themselves" અર્થાત્ જેઓ પોતાની જાતને સહાયતા કર્યા કરે છે તેઓનેજ પરમેશ્વર સહાય કરે છે. આ વિષયમાં હર્ક્યુલીસ અને ગાડીવાનની વાત ઘણે ભાગે સૌના જાણવામાંજ હોવી જોઇએ. ઉક્ત કહેવતમાં સ્વાવલંબનનું જે તત્વ રહેલું છે તેની સત્યતા મહારાણા પ્રતાપસિંહનાં જીવનમાં સારી રીતે પ્રકટ થાય છે. મહારાણાને સહાય કરનાર કોણ હતું ? માત્ર મુઠ્ઠીભર ભીલ લોકો ! તેમનો શત્રુ કોણ હતો ? મુગલ સમ્રાટ્ અકબર, જે તે સમયે તે ભારતવર્ષનો કર્તા, ધર્તા અને વિધાતા હતો. વળી મહારાણાએ એવા પ્રચંડ પુરૂષની સાથે કોના આધારે શત્રુતા કરી હતી ? શું તેમને કોઇની સહાયતા હતી ? નહિંજ. તેમણે કેવળ પોતાની સ્વાવલંબન–શક્તિ ઉપર વિશ્વાસ રાખ્યો, તેમણે કેવળ પોતાની શારિરીક, માનસિક અને નૈતિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ–શક્તિને ભરોસે સ્વાધીનતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો. છેવટે તેઓ સફલ મનોરથ પણ બન્યા. તાત્પર્ય એ છે કે જ્યાંસુધી મનુષ્ય પોતે પોતાની સહાયતા નથી કરતો ત્યાં સુધી કોઇપણ મનુષ્ય તેને સહાય કરી શકતો નથી. સ્વાવલંબન જ મનુષ્યની ઉન્નતિનો મુખ્ય ઉપાય છે. પ્રાણિશાસ્ત્રનો સિદ્ધાંત છે કે પ્રત્યેક જીવને પોતાની ઉન્નતિ અથવા સુખની પ્રાપ્તિને અર્થે સ્વયંયત્ન કરવો પડે છે એને જીવનાર્થકલહ કહેવામાં આવે છે. એ પ્રાકૃતિક નિયમ ઉપરથી આપણને એટલું શીખવાનું મળે છે કે પ્રત્યેક મનુષ્યે પોતાની ઉન્નતિઅર્થે સ્વયંયત્નશીલ બનવું જોઇએ. આવી સ્થિતિમાં જે લોકો પોતે પોતાની જાતને સહાયતા કરી શકતા નથી તે લોકોને કુદરત પ્રાકૃતિક નિયમની વિરૂદ્ધ કેવી રીતે સહાયતા કરી શકે ? જો વસ્તુ સ્થિતિનો વિચાર કરવામાં આવે તો એટલું તો કહેવું પડશે કે અકબર સરખા પાદશાહની સાથે સફલતા પૂર્વક વિરોધ કરવો તે મહારાણા પ્રતાપસિંહને એક અસંભવિત વાત હતી. પરંતુ તે અસંભવિત કાર્યપણ મહારાણાની સ્વાવલંબિની વૃત્તિદ્વારા સિદ્ધ થઇ ગયું, અર્થાત્ જ્યારે તેમણે સ્વયં યત્ન કર્યો ત્યારે પ્રાકૃતિક નિયમાનુસર તેમને સફલતાની પ્રાપ્તિ થઇ. લોકો વાત વાતમાં એમ કહ્યા કરે છે કે પરમેશ્વર અમારો સહાયક છે, પરંતુ તેના અર્થ તરફ ઘણાંજ થોડા લોકો ધ્યાન આપે છે. પરમેશ્વર આપણો સહાયક છે એ કયારે ? જ્યારે આપણે સ્વયં આપણી સહાયતા કરીએ, જ્યારે આપણે સ્વયં આપણી ઉન્નતિ અર્થ યત્ન કરીએ–ત્યારે, અન્યતા નહિ. તાત્પર્ય એ છે કે જો ઇશ્વરને આપણો સહાયક બનાવવો હોય જો ઇશ્વરની સાથે મિત્રતા અને સખ્યભકિત કરવી હોય તો આપણે તેની આજ્ઞાનુંસાર તેના પ્રાકૃતિક નિયમાનુસાર વર્તવું જોઇએ, અર્થાત્ આપણે આપણી સહાયતા સ્વયં કરવી જોઇએ. આપણેને સ્વાવલંબનના વિષયમાં સંપૂર્ણ નિષ્ઠા હોવી જોઇએ.

ઇતિહાસના અભ્યાસકો જાણે છે કે જ્યારે કોઇ પણ જાતિ સ્વાવલંબનની શકિત ગુમાવી બેસે છે કે ત્યારે તે પોતાનાં અસ્તિત્વના નાશનો માર્ગ પણ ખુલ્લો કરે છે. વધારે દૂર જવાની આવશ્યકતા નથી. ધ્યાનમાં રાખવું કે અસ્તિત્વ હમેશને માટે ટકાવી રાખવાનું માત્ર એ શકિત દ્વારાજ સંભવિત છે. તુલસીદાસજીએ કહ્યું છે કે પરાધીનતા સમાન કોઇ પણ વસ્તુ દુઃખદાયક નથી. એટલે સુધી કે પરાધીન મનુષ્યને સ્વપ્નમાં પણ સુખ પ્રાપ્ત થઇ શકતું, નથી. વાત સાચી છે. આજકાલ પણ " સ્વાધીનતા " નું નામ સાંભળતાં જ લોકોના હૃદય ઉલ્લસિત બને છે. પરંતુ સ્વાધીનતામાં જેટલી મીઠાશ રહેલી છે તેટલી જ કઠિનતા તેની પ્રા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્તિનાં સાધનોમાં છે. જે મનુષ્ય પોતાના પગ ઉપર ઉભો રહી શકતો નથી તે શું સ્વાધીન બનવાને કદિપણુ અધિકારી બની શકે છે? કદિ પણુ નહિ. હવે એ જાણવું જોઇએ કે સ્વાવલંબન–શક્તિ પ્રાપ્ત કરવાનાં સાધનો કયા છે ?એટલું તો સૌ લોકોના જાણવામાંજ છે કે જે વસ્તુ જેટલા અધિક મહત્વ અને મૂલ્યની હોય છે તેની પ્રાપ્તિ પણુ ઘણીજ મુશીબતથી થાય છે. પ્રસ્તુત વિષયનું પણુ તેમજ છે. સ્વાવલંબન શીખવાનો જો કોઇ ઉચિત માર્ગ હોય તો તે આત્મ–વિશ્વાસજ છે. સ્વાવલંબનમાં આત્મ–વિશ્વાસ, દઢ નિશ્ચય અને હંમેશાં પ્રયત્ન કરતાં રહેવાની ઇચ્છાનો સમાવેશ થાય છે. આત્મ–વિશ્વાસ વગર પોતાની કાર્ય કારિણી શક્તિ ઉપર દૃઢ વિશ્વાસ રાખી કાર્ય કર્યા વિના આપણે કદાપિ સ્વાવલંબી થઇ શકતા નથી. જે મનુષ્ય સ્વયં પોતાની સહાયતા કરવા ચાહે છે, જે મનુષ્ય સ્વયં પોતાનાજ ઉપર અવલંબીત રહેવા ઇચ્છે છે તેને સૌની પહેલાં પોતાની આંતરિક શક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ. જે મનુષ્યને પોતાના આત્મિક બળ ઉપર વિશ્વાસ નથી હોતો તે પોતાના અવલંબનથી કંઇ પણુ કાર્ય કરી શકતો નથી. પ્રત્યેક મનુષ્યમાં એક એવી સ્વાભાવિક શક્તિ રહેલી છે કે જેનો ઉપયોગ કરવાથી મનુષ્યને માટે આ સંસારમાં કોઇ પણુ વસ્તુ અસંભવિત થઇ શકતી નથી. નેપોલીયન જેવા સમર્થ અને પ્રયત્નશીલ મનુષ્યોની ભાષામાં 'અસંભવ' શબ્દનો કદિપણુ ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. આત્મ–વિશ્વાસનો ઉચિત ઉપયોગ કરવાથીજ મનુષ્ય 'દેવત્વ' પ્રાપ્ત કરી શકે છે.

હમેશાં સ્મરણમાં રાખવાનું છે કે આંતરિક શક્તિઓનો વિકાશ કેવળ આત્મ–વિશ્વાસથીજ થયા કરે છે. જો મનુષ્ય પોતાની આંતરિક શક્તિઓ ઉપર વિશ્વાસ ન કરે, જો તે સ્વયં પ્રયત્ન ન કરે અને જો તે પોતાની ઉન્નતિને અર્થે બીજા લોકોના પ્રયત્ન ઉપર અવલંબિત રહે તો તેનો આત્મ–વિશ્વાસ નષ્ટપ્રાય. થઇ જશે. ખરૂં કહીએ તો તેનું મનુષ્યત્વજ ચાલ્યું જશે. જ્યાં જ્યાં પોતાની ઉન્નતિ અને સુખને અર્થે બીજા લોકો ઉપર અવલંબિત રહેનાર લોકોની સંખ્યા અધિક હોય છે. ત્યાં ત્યાંના લોકો સર્વદા અધોગત દશામાંજ રહે છે. તે સદા પરાધીન બની રહે છે. એ રીતે પરાધીન બનતાં બનતાં મનુષ્ય એવી નિકૃષ્ટ અવસ્થાએ પહોંચી જાય છે કે તે નાનાં કાર્યોમાં પણુ બીજાના મુખ તરફ જોઇ રહે છે. પરંતુ જે દેશમાં સ્વાવલંબી પુરૂષોની સંખ્યા અધિક હોય છે, જે દેશના નિવાસીઓ પોતાની આંતરિક શક્તિઓ ઉપર પુરેપુરો વિશ્વાસ રાખે છે તેજ દેશ ઉન્નતિ અને સુખના શિખરે પહોંચી શકે છે. સર્વ સાધારણુ લોકો એવા પ્રયત્નશીલ, સ્વાવલંબી અને આત્મવિશ્વાસી મહાત્માઓનું અનુકરણુ કરીને આત્મોદ્ધારનાં કાર્યમાં લાગી જાય છે. આત્મ–વિશ્વાસ અને સ્વાવલંબનનો અભ્યાસ વિદ્યાર્થી અવસ્થામાંથીજ શરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવો જોઇએ. તેનું કારણ એ છે કે ઉક્ત બંન્ને ગુણો પરસ્પરાવલંબી છે. તે બન્નેને અન્યોન્ય સંબંધ છે. જ્યાંસુધી મનુષ્યનો આત્મવિશ્વાસ જાગૃત રહે છે, ત્યાંસુધી તે સ્વાવલંબી રહી શકે છે. આત્મવિશ્વાસથી મનુષ્ય પોતે પોતાને સહાયતા કરવા સમર્થ બની જાય છે. એ રીતે સ્વયં સહાય કરતાં કરતાં તેનો આત્મવિશ્વાસ દઢીભૂત બની જાય છે. એ બન્નેમાં ન્યુનાધિક્તાની તુલના કરવી નિરર્થક છે. એટલા માટેજ વિદ્યાર્થી અવસ્થામાંજ એ બન્ને ગુણોનો અભ્યાસ એક સાથેજ શરૂ થવો જોઇએ.

આ વિષયમાં એક બીજી વાત ધ્યાન આપવા યોગ્ય છે. તે એ છે કે જ્યારે કોઇને કયાંયથી મફત ટુકડો મળવાની આશા અને વિશ્વાસ રહે છે, ત્યારે તે મનુષ્ય પોતાના હાથ પગ ચલાવવાની અને કોઇ જાતનો ઉદ્યોગ ધંધો કરવાની આવશ્યક્તા સમજતો નથી. આ ઉપર આપણે ઉચિત ધ્યાન આપતા નથી. જુઓ સેંકડો સાધુ–વેરાગી મસ્ત બનીને મજા ઉડાવી રહ્યા છે અને આજકાલના નામ ધારી ' દાનવીર ' પુરૂષો તેઓને અંતઃકરણ પુર્વક પૈસા આપી રહ્યા છે અને જેઓ ખરેખરી રીતે ભિક્ષા અને દાનને પાત્ર હોય છે તેઓ તરફ કોઇનું ધ્યાન પણ ખેંચાતું નથી. આવા લોકો દ્રવ્યનો અપવ્યય કરવા દોષિત બને છે એટલુંજ નહિ પણ તેઓના ઉપર એક બીજા દોષનો આરોપ આવે છે. તે લોકો બીજાઓને પરાવલંબી, આળસુ અને સમાજ–કંટક બનવામાં સહાય કરે છે. કેટલાક નવયુવકો એમ વિચાર્યા કરે છે કે પોતાને કોઈ પૈતૃક સંપત્તિ થોડા દિવસમાં મળવાની છે. એવા લોકો મનમોદકથીજ ક્ષુધા શાન્ત કરવામાં સર્વ કાંઇ નષ્ટ કરી મૂકે છે. તેઓને એ વાતનો વિશ્વાસ રહે છે કે અમને બાપદાદા તરફથી " અવલંબનને માટે લાકડી " તો મળવાની છે તેથી અમારે શા માટે વ્યર્થ મહેનત કરવી ? પરંતુ સ્મરણમાં રાખો કે જે અવલંબન પકડી ચાલવાનું શીખે છે તેઓ તેના વગર ઘડી પણ ચાલી શકતા નથી. એક ઇંગ્રેજ ગ્રંથકાર કહે છે કે " નવયુવકોને આર્થિક સહાયતા ( આવશ્યક્તાથી વધારે ) આપવી તે ઘણે ભાગે તેઓને લંગડા અને નિરૂદ્યોગી બનાવવાનો એક અત્યંત સરલ ઉપાય છે " પરંતુ આપણે ત્યાંતો ઘણા ધનવાન લોકો પોતાના સંતાનોની પાછળ હરવખત નોકરો રાખવામાં પોતાનું મોટું મહત્વ અને માન સમજે છે.

પરાધીનતામાં કશું સુખ નથી. કેમકે જે લોકો હમેશાં પરાધીન દશામાં રહે છે તેઓનો આત્મવિશ્વાસ (અને ફલતઃ સ્વાવલંબન) નષ્ટપ્રાયઃ થઇ જાય છે. આ વાતનું એક ઉદાહરણ લઇએ. જલાશયોની અંદર એક જાતની માછલી હોય છે તેને જલાશયમાંથી બહાર નીકળેલી હોય તેનો તમાસો જુઓ. તેનામાં એટલી બુદ્ધિ જોવામાં નથી આવતી કે તે કુદીને જલાશયમાં ચાલી જાય તેમજ એ કાર્ય કરવા માટે તે કાંઇ પણ પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતી નથી. એક હાથભર દુર હોય તો પણ તે જલાશયમાં કુદી જવાનો લેશ પણ પ્રયત્ન કરવા ચાહતી નથી. તે એટલુંજ ઇચ્છે છે કે પાણીની એક અડધી લહરી આવીને મને ઘસડી જાય તો ઠીક. શું આપણને આ સંસારમાં આવાજ પ્રકારના હજારો મનુષ્યો દષ્ટિગોચર થતા નથી ? જ્યારે એવા મનુષ્યોને કાર્યક્ષેત્રમાં એકલા છોડી દેવામાં આવે છે ત્યારે તેઓ પોતે કંઇ પણ મહેનત કરવાને બદલે એટલુંજ ઇચ્છે છે કે અનુકૂળ દૈવરૂપી એક અડધ લહરી મને સંસારસાગરની પાર ઉતારી દે તો સારૂં. પરંતુ એમ બનવું અસંભવિત છે. બીજાના વિશ્વાસ ઉપર કેટલા દિવસ સુધી કાર્ય ચાલશે ?

મનુષ્યને જે શક્તિઓ બક્ષવામાં આવી છે તે એટલા માટે નહિ કે તે બીજાના મ્હોં સામે તાકી રહે, મનુષ્યને સ્વતંત્ર તેમજ સ્વાવલંબી બનવા માટે તે શક્તિઓ બક્ષવામાં આવી છે. જ્યારે આપણે કોઇ મનુષ્યને એમ કહેતો સાંભળીએ છીએ કે અમુક કાર્યમાં અનેક સંકટ અને બાધાઓ આવે તેમ છે તેથી કરીને તે કાર્ય અમારાથી બની શકશે નહિ. ત્યારે ખરેખર આપણને સખેદ આશ્ચર્ય થવું જોઇએ. એવા લોકો પડ્યા વગર પડી જવાની બ્હીકથી હમેશાં દુઃખી બની રહે છે. જ્યારે તેઓ ખરેખરી રીતે પડી જશે ત્યારે તેઓની શી દશા થશે તે કલ્પી શકાતું નથી, ખરૂં કહીએ તો વિઘ્ન, બાધાઓ, સંકટો અને કઠિનતાઓમાંજ માનવ–જીવનની યોગ્યતાના વિકાસનાં મૂળ તત્વો છુપાયેલા છે. અંગ્રેજ લોકોમાં સ્વાધીનતા, દૃઢ નિશ્ચય અને પ્રયત્ન કરવાની શક્તિનો વિકાસ અનેક વર્ષો સુધી સંકટોની સામે ટક્કર મારવાને લઇને ઘણોજ વૃદ્ધિગત થયેલા છે. તે લોકોએ પોતાની ઉન્નતિને અર્થે પોતેજ પ્રયત્નો કર્યા છે. મહાન સંકટોથી ઘેરાયલા છતાં પણ તે લોકોએ સ્વાવલંબનદ્વારા આત્મોન્નતિ કરવાનો પોતાનો ઉદ્દેશ કદિ તજ્યો નથી. એટલે સુધી કે સ્વાધીનતાની રક્ષા કરવા ખાતર તે લોકોએ પ્રજ્વલિત અગ્નિ-કુંડમાં બળીને ભસ્મીભૂત થઇ જવાનું પસંદ કરી લીધું, પરંતુ સ્વાવલંબનના માર્ગથી તેઓ કદિ પણ ચ્યુત થયા નહિ. તાત્પર્ય એ છે કે સંકટોથી કદાપિ ડરવું ન જોઇએ, તેની સાથે હમેશાં લડવું એજ ઉચિત છે. જે મનુષ્ય દુઃખ અને સંકટની ગોદમાં ઉછરેલો હોય છે તે તેને પોતાની બાલ્યાવસ્થાના મિત્રો સમજીને શાંત હૃદયથી આલિંગન કરી શકે છે, પરંતુ જે હમેશાં આલસ્ય અને પરાધીનતામાં રહે છે તે સંકટનું નામ સાંભળતાંજ કંપાયમાન થવા લાગે છે. એટલા માટે વિદ્વાન તેમજ પ્રયત્નશીલ પુરૂષો સંકટોને કુદરતની કૃપારૂપ સમજે છે.

ખેદની વાત છે કે આ જમાનાનો પ્રવાહ પણ કેટલેક અંશે આપણને પરાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લંબી થતાં શીખવી રહ્યો છે. પાણીમાં તરવાનું વાયુપૂર્ણ તુંબડાની સહાયથી શીખવવામાં આવે છે. આપણા વિદ્યાર્થીઓ પાચન ટીકડીનાં સેવન વગર ખાધેલું અન્ન પચાવી શકતા નથી. હરવા ફરવા માટે ક્યાંય બહાર જવું હોય તો ઘોડાગાડી અથવા મોટરગાડીની જરૂર પડે છે. ધન પ્રાપ્તિ માટે ગુલામી સિવાય કાંઇ સૂઝતું નથી. કીર્તિ અને અધિકાર પ્રાપ્તિને માટે ' હાજી હા ' સિવાય બીજો કોઇ માર્ગજ નથી જડતો. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને માટે જરૂરનું છે કે તેઓએ પોતાના સ્વતંત્ર અને શુદ્ધ વિચારો અનુસાર સર્વ કાર્ય કરવાની ટેવ પાડવી જોઇએ. જો તેઓ અત્યારથીજ પરાધીનતાને વશ બની જશે તો પછી ભવિષ્યમાં સ્વાવલંબનની આશા આકાશપુષ્પવત્ છે.

આપણા સમાજમાં એવી અનેક કુરીતિયો પ્રચલિત થઇ ગઇ છે કે જે સ્વાવલંબન વગર સુધરી શકે તેમ નથી. વર્તમાન સમયમાં દેશની સ્થિતિ અનુસાર એવી અનેક આવશ્યકતાઓ છે કે જેને માટે સ્વાવલંબી પુરૂષોનીજ ઘણીજ જરૂરીયાત છે. આપણા સમાજની કુરીતિઓ સુધારવાનું અને દેશની આવશ્યકતાઓ પુરી પાડવાનું કાર્ય કઠિનતાભર્યું છે એ સંદેહ વગરની વાત છે, પરંતુ એવે સમયેજ સ્વાવલંબી પુરૂષોની પરીક્ષા–કસોટી થાય છે. આજકાલ જેઓ વિદ્યાર્થીઓ છે, તેઓને થોડા દિવસમાં ઉક્ત કઠિન સમસ્યા પુર્ણ કરવાની તક મળશે. તે લોકોજ સફળ થશે કે જેઓ આત્મ–વિશ્વાસના આધાર ઉપર સ્વાવલંબનનો કંઇક વિકાસ કરી શકશે. ઉપર કહેવામાં આવ્યું છે કે આત્મ–વિશ્વાસજ સ્વાવલંબનની કુંચી છે. જે મનુષ્ય સ્વયં પોતાની શક્તિઓ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખશે, તેજ સ્વાવલંબી બનીને પોતાનાં ભાગ્યનો વિધાતા બની જશે અને પોતાના દેશ તથા સમાજની કંઇ ઉપયોગી સેવા પણ કરી શકશે. એથી ઉલ્ટું, જેઓ પોતાની શક્તિઓ ઉપર વિશ્વાસ નથી રાખતા અને જેઓને પરાવલંબન પ્રિય હોય છે તેઓ દાસત્વની શૃંખલામાંજ મૃતપાય: બની જશે. પાણીના પરપોટા માફક તેઓનું જન્મવું ન જન્મવા બરાબર છે.

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्तमान जगतने केवा मनुष्यो जोइए छे ?

( હરિગીત )

જે વીર મનુજો વૃંદમાં વ્યક્તિત્વ ના ગુમાવતા,
વળગી રહીને નિશ્ચયોને આત્મભીતિ હઠાવતા;
ઉદ્દેશ એક અખંડ રાખી વિશ્વપાઠ પઢાવતા,
માગે જગત્ એવા મનુષ્યો જ્યોતિ જીવન લાવતા.
૧
સંસ્કાર સારા સંગ્રહી વૈરાગ્ય કષથી જે કસી,
જીવન તણા વૈરાગ્ય બળમાં જ્ઞાન ગર્ભિતતા વસી;
સિંહ સમ ત્યાગી થઇ વળી સિંહ સમ જુએ હસી,
માગે જગત્ એવા મનુષ્યો ભાવના હૃદયે વસી,
૨
નથી ઇચ્છતું એવા મનુષ્યો જગત્ બોજારૂપ છે,
પુરૂષાર્થથી કિંતુ સદા જે જીવન જાગૃતિ રૂપ છે;
લોકોપયોગી જે બને ઉપકારમાં વળી રક્ત છે,
માગે જગત્ એવા મનુષ્યો પૂર્ણ નિર્ભર સત્વ છે.
૩
આડંબરો ના રાખતા ગ્રહી સત્વ સ્થિરતા શોભતા,
સંકીર્ણતાને દૂર કરી ઉત્સાહમાં જે રેલતા;
સાદી સમજશક્તિ વડે ઉપયોગિતા ઉપજાવતા,
માગે જગત્ એવા મનુષ્યો તીક્ષ્ણ શક્તિ પ્રકાશતા.
૪
સર્વ દેશી વિકાસથી જે શકિતઓ સંવર્ધતા,
વસ્તુ તણી જે અર્ધ બાજુ ના કદી અવલોકતા,
સ્વસ્થાન કદી ના ચુકતા ગંભીર દૃષ્ટિ દેખતા,
માગે જગત્ એવા મનુષ્યો વીર હાક વગાડતા.
૫
સદ્જ્ઞાનતંતુ જેમના અત્યંત હોય સચેતના,
મસ્તક વળી છે કુશળ વિવિધ વિચારના અભ્યાસમાં;
વિજ્ઞાનના ઊંડાણમાં મતિ જેમની અનુરકત છે,
માગે જગત્ એવા મનુષ્યો કર્મયોગે સકત છે.
૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયો વળી મૃદુ જેમનાં ચ્હાતાં કલા સૌંદર્ય ને,
ધિક્કારતા જે અધમતા અવલોકતા શુભ કાર્ય ને;
સંસ્કરણ કેળવણી અને વ્યાયામમાં જે પૂર્ણ છે,
માગે જગત્ એવા મનુષ્યો આત્મશ્રદ્ધા પૂર્ણ છે.
૭
ચાલાક હાથો જેમના આંખો વિષે ઉત્સાહ છે,
સદ્સદ્વિવેક વિષે સદા બળ બુદ્ધિમાં નહિ હ્રાસ છે;
બળવાન બહાદુર કુશળ જીવન જેમનાં છે શાંતિમાં,
માગે જગત્ એવા મનુષ્યો ઝીલતા જળ ક્ષાંતિમાં.
૮

ફતેહચંદ ઝવેરભાઇ.

# સમયને અનુસરતું.

પવિત્ર પર્યુષણ પર્વ સમાપ્ત થયા છે, અને દરેક સ્થળે જૈન બંધુઓ બ્હેનોએ યથાશક્તિ દાન, તપ, શીયળ આદરી ભાવના ભાવી હશે. શ્રી કલ્પસૂત્ર વ્યાખ્યાન પૂજ્ય મુનિરાજોની અમૃતમય વાણીથી શ્રવણ કર્યું હશે. અત્રે પણ તેમ બનેલ છે. ભાવનગરમાં આ વર્ષે ચાતુર્માસ રહેલા પૂજ્યપાદ શાંત મૂર્તિ પ્રવર્ત્તકજી મહારાજ **શ્રીકાન્તિવિજયજી મહારાજ**ની અમૃત તુલ્ય વાણીવડે કલ્પસૂત્ર શ્રવણ કરેલ છે અને તે મહાત્માના હૃદયમાં રહેલ પૂર્ણ શાંતિના પરમાણું અત્રેના શ્રી સંઘમાં પ્રસરેલ હોવાથી પૂર્ણ શાંતિથી પર્યુષણ પર્વ વ્યતિત થયા છે. વધારે ખુશી થવા જેવું એ છે કે, પર્યુષણના કલ્પસૂત્રના વ્યાખ્યાનની સાથે મહાત્મા **શ્રીગાંધીજી**ના શિષ્ય ભાઈ **મણીલાલ** કોઠારીનું આ પર્વ દરમ્યાન અત્રે આગમન થવાથી, તેમનું સ્વદેશી વસ્તુપ્રચાર પરનું વ્યાખ્યાન (ભાષણ) પણ સંઘના ઉપાશ્રયમાં સાથે થયું હતું. જેથી ઘણાએ સ્વદેશી કપડા વાપરવાને પ્રતિજ્ઞા કરી હતી. ત્યારબાદ પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજશ્રી **કાન્તિવિજયજી** મહારાજે સ્વદેશી કાપડ માટેનું ઘણું અસરકારક શાસ્ત્રીય દાખલા દલીલ સાથે ભાષણ આપ્યું હતું. તેઓશ્રીએ જણાવ્યું કે ચોથા આરામાં પણ આ દેશમાં તમામ વસ્તુઓ બનતી અને આ દેશની પ્રજા તેજ વાપરતી હતી. કારણકે તે વખતે વિલાયત અમેરિકા કે તેના સંચાનું બનાવેલું કાપડ આવતુંજ નહોતું. તેમજ રેંટીયા એ આપણો જન્મસિદ્ધ હક્ક છે. તે શ્રી સૂયગડાંગ સૂત્રમાં આવેલ **શ્રીઆર્દ્રકુમાર**ની કથા આ વાતની ખાત્રી આપે છે. પરમાત્માશ્રી મહાવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વામીના વખતમાં શ્રેણીક રાજા રાજ્ય કરતા હતા, તેમના પુત્ર અભયકુમારનો મિત્ર અનાર્ય દેશ ( હાલનું એડન ) ત્યાંના રાજાનો દીકરો આર્દ્રકુમાર હતો. તેને શ્રી જીનપ્રતિમાજી અભયકુમારે ભેટ મોકલી, તે જોઈ ઉહાપોહ કરતાં આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. આગલો ભવ જાણી દીક્ષા લેવાનો વિચાર થવાથી પોતાના પિતાને ભુલાવો ખવરાવી ચાલી નીકળ્યા. દીક્ષા લીધી અને ભરતક્ષેત્રમાં શ્રી મહાવીર પ્રભુ પાસે આવતાં ભોગાવળી કર્મ બાકી રહેલ હોવાથી વચ્ચે રસ્તામાં આગલા ભવની સ્ત્રી ત્યાંના શ્રીમાન્ શેઠની પુત્રી ક્રીડા કરતી હતી તે પૂર્વભવના લેણદેણના સંબંધે તેને જોતાં સ્ત્રીના આગ્રહથી દીક્ષાથી મુકત થઈ તેને પરણ્યા. તે સ્ત્રીને તેમનાથી એક પુત્ર થયો, હવે આર્દ્રકુમારે કેટલાક વર્ષ પછી દીક્ષા લેવાની રજા માગી. તેમની સ્ત્રી તે સંયોગમાં રેંટીયો કાંતતી હતી. જે વખતે તેમના બાળક પુત્રે કહ્યું કે માતા ! આપણે શ્રીમંત છતાં તમે રેંટીયો કેમ કાંતો છો ? આવી મજુરી કેમ કરો છો ? માતાએ કહ્યું, હે પુત્ર ! તારા પિતા દીક્ષા લઈ ચાલ્યા જશે તે વખતે હું પતિવ્રતા હોવાથી શિયળનું તેનાથી રક્ષણ થશે. પતિવિરહવાળી, પતિ-વિયોગી સ્ત્રીઓને માટે તેમના પતિવ્રત રક્ષણનું સાધન રેંટીયો છે. વિગેરે દ્રષ્ટાંતો આપી ઉકત પૂજ્યપાદ પ્રવર્તકજી મહાત્માએ સર્વને સચોટ અસર કરી હતી. ”

ઉપલા ભાષણોથી રેંટીયાની ઉપયોગિતા કેટલી છે તે સ્પષ્ટ જણાઈ આવે છે. વીશ પચીશ વર્ષ પહેલાં આપણા ઘરમાં પણ આપણી, માતુશ્રીઓ ડોશીઓ વગેરે રેંટીયો કાંતતી હતી, પરંતુ જ્યારથી પરદેશી ઉપર આપણે આધાર રાખતા શીખ્યા, પ્રમાદિ, મોજશોખી, શિથિલ બન્યા ત્યારથી તેવી વસ્તુઓનો લોપ થયો છે. રેંટીયો તે ગરીબની આજીવીકાનું સાધન એકલું હતું તેમ નથી, પરંતુ આગલા કાળમાં એટલે પરાપૂર્વથી--અનાદિ કાળથી પતિવ્રતપણાનું રક્ષણ કરવાનું સાધન, ઉદ્યોગી બનવાનું સાધન, સ્વાત્માવલંબી બનવાનું સાધન, આજીવિકાનું સાધન, નિરાધાર નિરાશ્રિત નહીં થવાનું સાધન, સ્વદેશી કાપડને ઉત્તેજનનું સાધન, અને ગરીબ, તવંગર, રાજા, રંક પછી ગમે તે હો, ત્યાં સ્ત્રીઓનું એક અપૂર્વ કર્તવ્ય સાધન હતું જે ભુલાઇ ગયું હતું, તેનો ઉદ્ધાર મહાત્મા શ્રી ગાંધીજીએ કર્યો છે. તો દરેક ઘરમાં તે હોવો જોઇએ અને તેનો ઉપયોગ થવો જોઇએ. સ્વદેશી ખાદી--કાપડ બનાવવા માટે પ્રથમ સુતર તૈયાર થવું જોઈએ, તે આનાથી થતું હોવાથી જેટલું વધારે થશે તેટલું સ્વદેશી કાપડ વધારે બનશે અને તેથી તેનો ઉપયોગ દરેક બ્હેનોએ વખત મેળવીને થોડો પણ અવશ્ય કરવો જોઈએ. ૬૦ કરોડ (સાઠ કરોડ) રૂપૈયાનું પરદેશી કાપડ હિંદુસ્તાનમાં આવતાં તેટલો પૈસો ત્યાં જાય છે, તો સ્વદેશી કાપડનો જેટલો પ્રચાર વધશે તેટલા ઓછા પૈસા ત્યાં જશે, તેથી દેશના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારીગરો (વણકરો) રેંટીઓ કાંતનાર આપણી બહેનોને તેટલો લાભ થશે એટલે આ દેશમાં તેટલો પૈસો રહેશે. જેમ જેમ સ્વદેશી કાપડનો પ્રચાર વધતો જશે તેમ તેમ તેવું નવી નવી જાતનું સારૂં કાપડ હાથવણાટનું અહીં બનતું જશે; કારણકે આ દેશના કારીગરોને તેટલું વધારે વધારે લાભ–ઉત્તેજન તેનાથી મળ્યે જશે. જે સંપૂર્ણ હાથવણાટની ખાદીના વસ્ત્ર પહેરવા ( બહુ સારી ન થતી હોય તો સારી થાય ત્યાંસુધી) તૈયાર ન હોય તોપણ અમુક એકાદ કપડું તે અને વળી બાકીનું છેવટે મીશ્ર આ દેશની મીલમાં બનતું છેવટે કાપડ વાપરવા તૈયાર થવું જોઇએ, પરંતુ ગમે તે રીતે પરદેશી કાપડનો પ્રચાર બંધ કરી સ્વદેશી કે આ દેશમાં ઉત્પન્ન થતું કાપડ અવશ્ય વાપરવા આ દેશની પ્રજાએ એકદમ તૈયાર થવું જોઈએ, જેથી દેશને અમુક વખતે આર્થીક મહાન લાભ થશે; બીજી વસ્તુઓ પણ આ દેશમાં ઉત્પન્ન થશે.

જેથી દરેક હિંદીની ફરજ છે કે પોતાના ઘરમાં એક રેંટીયો રાખીને તેનો ઉપયોગ અવશ્ય કરવો જોઇએ. સ્વદેશમાં તૈયાર થતી ચીજોની બનાવટ અને તેની વહેંચણી એ સ્વદેશીનો જે ખરો અર્થ છે તેનો હિંદમાં બરાબર અમલ કરવા અમે ખાસ ભલામણ કરીએ છીએ.

ઉપરોક્ત ભાષણ સાથે કેશર માટે પણ વિવેચન થયું હતું. દેરાસરજીમાં વપરાતું કેશર પરદેશી અને હિંસાના તત્વવાળું હોવાથી તે પૂજા અને ચાંદલામાં સ્વદેશી ન આવી પહોંચે ત્યાં સુધી કે હીંસાના તત્વવાળું નથી તેમ ખાત્રી ન થાય ત્યાંસુધી ( ભાદરવા શુદ ૮ ) ના રોજ શ્રીસંઘ મળી કાંઇ પણ તે સંબંધી ઠરાવ ન કરે ત્યાં સુધી ) નહીં વાપરવા ઠરાવ થયો હતો. અને ભાદરવા શુદી ૮ શુક્રવારના રોજ મોટા દેરાસરજીના ઉપાશ્રયમાં શ્રીયુત્ અમરચંદ જસરાજના પ્રમુખપણા નીચે અત્રેનો શ્રી જૈન સંઘ એકઠો થયો હતો તે વખતે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવ પસાર થયો હતો.

" જ્યાં સુધી ખાત્રીવાળું પવિત્ર સ્વદેશી કેશર મળી શકે નહિં ત્યાં સુધી અપવિત્ર અને સેળભેળવાળું કેશર દેરાસરમાં વાપરવાનું બંધ કરવું અને તેને બદલે ચંદન અને બરાસ વાપરવું. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आयार्य श्रीमद् हीरविजयसूरिजी अने जयंती.

જૈન દર્શનમાં આઠ પ્રભાવક કહેવામાં આવ્યા છે તેમાંથી શ્રીમદ્ હીરવિજયસૂરિજી એક પ્રભાવક મહાત્મા થઇ ગયા છે એ નિર્વિવાદ સત્ય છે; દેવવિમલ ગણિ કૃત હીરસૌભાગ્ય કાવ્ય અને બીજા ઐતિહાસિક ગ્રંથો એની સાક્ષી પુરે છે; ભાવનગરમાં આ વખતે પૂજ્ય મહાત્મા શ્રી પ્રવર્તકજી કાંતિવિજયજીનું ચાતુર્માસ હોવાથી શ્રીમદ્ હીરવિજયજી સૂરિના ઉપકારોની સ્મરણ તિથિ યાદ કરવા તેમની જયંતી ઉજવવા તે મહાત્માશ્રીએ જૈન સંઘને સૂચવ્યું, જેથી ભાદ્રપદ શુદી ૧૧ ને દિવસે વ્યાખ્યાન હોલમાં શ્રીપ્રવર્તકજીના અધ્યક્ષપણા નીચે જયંતી ઉજવવામાં આવી; ભાવનગરનો જૈન સંઘ ભૂતકાલીન મહાત્માઓની જયંતી ઉજવવામાં હુજી ઘણોજ પછાત છે એમ અમોને કહ્યા સિવાય ચાલતું નથી; ખુદ મહાવીર પરમાત્માની જયંતી પણ કોઇ કોઇ વર્ષોમાં થતી નથી એ સંઘનું જયન્તી તરફનું દુર્લક્ષ્ય સૂચવે છે; અસ્તુ. આ પ્રસંગે શ્રીપ્રર્વતકજીની સૂચનાથી શ્રીમદ્ હીરવિજયજીસૂરિની જયંતી હવે પછી દર વર્ષે ઉજવવાનું મુકરર કરવામાં આવ્યું છે એ જૈન સંઘને માટે જેટલું શોભા ભર્યું છે તેટલુંજ એક મહાત્મા પુરૂષની કદર કરવાની લાગણીનું દર્શન પ્રકટ કરવા માટે છે.

ત્યારે હવે જયન્તી એ શું ? અને તે કોની હોઇ શકે ? જે જે મહાપુરૂષો ભૂતકાળમાં થઇ ગયા છે તે તે મહાપુરૂષોને સ્મરણ ગોચર કરી એમનું પ્રતિબિંબ પોતાના હૃદયમાં જાગૃત કરી એમના ગુણોનું ઉત્કીર્તન કરી છેવટે એ ગુણોનું પોતાનામાં આરોપણ થાય તેવું ઇચ્છી એ મહાપુરૂષોની કદર કરવા પુરતુંજ નહિ પરંતુ એમના લક્ષ્યબિંદુને પકડવા પ્રયત્ન કરવા જેટલું આ સુધરેલા જમાનાનું મહા પુરૂષના સ્મરણચિહ્નરૂપ સંમેલન એ જયન્તી છે; મહાપુરૂષોને યાદ કરવાનું આ જમાનાનું સંસ્કારી સ્વરૂપ દરેક કોમ ઘણે ખરે અંશે પોતાની માન્યતા પ્રમાણે કરે છે; જૈન કોમ પણ એવાજ આશયથી પોતાના પૂજ્ય મહાત્મા ને સ્મરણ ગોચર કરવા પ્રેરાયેલ છે; પરંતુ વ્યવહારમાં જેમ પ્રત્યેક કાર્યમાં વિવેક રાખ્યા વગર યોગ્ય ન્યાય આપી શકતો નથી તેમ જયંતીને અંગે પણ તેમ સમજવાનું છે; પરંતુ પ્રર્વતકજી કાંતિવિજયજી મહારાજ જેવા અનુભવી મહાત્માના મુખદ્વારા શ્રીમદ્ હીરવિજયસૂરિનું જીવન યથાર્થસ્વરૂપમાં મુકાય તેમાં આશ્ચર્ય નથી.

હવે જયન્તી કોની હોઇ શકે ? એ પ્રશ્ન આપણી સન્મુખ આવે છે તે પ્રસંગે આપણે તેની યથાર્થ ઘટના વિચારવી જોઇએ; દુનિયાની દૃષ્ટિએ જે મહાત્મા હોય જેમનું જીવન પરોપકાર પરાયણ, સંયમશીલ અને જૈન દર્શનની ઉન્નતિ માટે હમેશાં તલસતું હોય અને જેઓ પોતે સ્પૃહાથી રહિત હોઇ કેવળ એ તરફ શાંતિમય

For Private And Personal Use Only

કિરણો ફેંકતા હોય તેવા પુરૂષની જયંતી એજ વાસ્તવિક અને વિવેક યુક્ત હોય છે. જેમ જીવન ચરિત્રો પણ તેના નાયકમાં દોષો કરતાં ગુણોનો સરવાળો વધારે તેવી વ્યક્તિનાજ અન્ય મનુષ્યોને અનુકરણીય હોય છે તેવીજ રીતે જયન્તી માટે પણ સમજવાનું છે; આ રીતે ગુણાધિક મનુષ્યની જયંતી જ્યારે બીજાઓને ગુણ ઉત્પન્નક રવાનું અને વિકાસ કરવાનું સાધન હોય છે તો પંચમહાવ્રત ધારી, જૈન તત્વજ્ઞાનરૂપ ક્ષેત્રમાં વાદી તરીકે કામ કરનાર, અકબ્બર જેવા છત્રીશ હજાર ચામડાંનું લ્હાણું કરનાર અને દરરોજ ચક્લીની સવાશેર જીભનું પ્રાશન કરનારા પ્રચંડ હિંસક અનાર્ય સમ્રાટ્‌ને પોતાના બુદ્ધિબળથી વશ કરી તેની હિંસક વૃત્તિને અટકાવી દયામય ધર્મમાં સ્થાપનાર, અને તેજ દિલ્લીશ્વર સમ્રાટ્ પાસેથી શત્રુંજયાદિક તીર્થના હક્કો ફરમાન[1] રૂપે લિખિતપણે મેળવી ભવિષ્યની જૈન પ્રજા ઉપર અંતરંગ ઉપકાર કરનાર શ્રીમદ્ હીરવિજયસૂરિની જયન્તી એમની અવસાન તિથિને નિમિત્તે ઉજવાય એ સુદિન જૈન સંઘને ઉત્સવનોજ ગણાય.

પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજે એ પ્રકાશિત કરેલા એ મહાત્માના જીવનમાં મુખ્ય તત્વો આ પ્રમાણે દૃષ્ટિગોચર થાય છે.

(૧) એમનો જન્મ અને દીક્ષાકાળ. (૨) સમ્રાટ્ અકબ્બરનો તેમની સાથેનો પરિચય (૩) સમ્રાટ્‌નો તેમના તરફ વિશ્વાસ અને પ્રેમ (૪) અકબ્બર બાદશાહનું હિંસાથી તેમણે કરાવેલું નિવર્તન (૪) સ્વર્ગવાસ પહેલાં એમણે બતાવેલું અગાધ આત્મબળ.

## એમનો જન્મ અને દીક્ષા કાળ.

વિક્રમ સંવત્ ૧૫૮૩ના માગશીર્ષ શુદી ૯ પાલણપુર ( પ્રા—પ્રલ્હદનપુર ) માં ઓસવાળ ગૃહસ્થ કુરાશાહને ત્યાં ધર્મપત્ની નાથી એ બન્નેના કુળ ભૂષણ રૂપ પુત્રનો જન્મ થયો જેનું નામ હીરજી રાખવામાં આવ્યું. નાની ઉમ્મરથી એમની ચાલાકી અને તેજસ્વીપણું અદ્વિતીય હતાં. લગભગ બારવર્ષની ઉમ્મર પછી માતાપિતા પૂર્વ સંયોગાનુસાર સ્વર્ગવાસી થયા; તેવામાં પાટણમાં વિજયદાનસૂરિની ધર્મ દેશનાનો પ્રસંગ પ્રાપ્ત થયો; મહાપુરૂષ જગત્‌ને ઉપકાર કરવા નીકળી પડવાની તૈયારીમાં જ હોય છે માત્ર તેમને નિમિત્તનીજ અપેક્ષા હોય છે તદનુસાર તેમના કોમળ હૃદય ઉપર અસર થતાં સં ૧૫૯૬ માં દીક્ષા ગ્રહણ કરી અને હીરહર્ષ નામ રાખવામાં આવ્યું. ન્યાય અને વ્યાકરણથી સિદ્ધ જૈન તત્વજ્ઞાનનો પરિચય

૧ સાત ફરમાનો જુદા જુદા મેળવેલા છે તે સૂરીશ્વર સમ્રાટ્‌ના પુસ્તકમાં દર્શાવેલ છે. જેમાંના ચાર અકબ્બર બાદશાહના છે અને ત્રણ જહાંગીર બાદશાહના છે તે તેમના શિષ્ય વિજયદેવસૂરિના ઉત્તમ પ્રયાસનાં ફળ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુશાગ્ર બુદ્ધિથી બહુ થોડા વખતમાં કરીલીધો અને વધતાં વધતાં છેવટે સં. ૧૬૧૦ માં શ્રી સંઘ તરફથી આચાર્યપદ સમર્પણ કરવામાં આવ્યું.

## સમ્રાટ્ અકબરનો તેમની સાથેનો પરિચય.

આ વખતે હિંદુસ્તાનના પાટનગર દિલ્લીની ગાદીએ અકબર બાદશાહનું શાસન ચારે તરફ ગવાઇ રહ્યું હતું તેવા સમયમાં બાદશાહ અને સૂરીશ્વરનો પરીચય કેવી રીતે થયો તેને માટે સૂરીશ્વર અને સમ્રાટ પુસ્તકમાં આ રીતે જણાવેલું છે.

["એક વખત અકબર બાદશાહ મહેલના ઝરૂખે બેસી નગરચર્ચા જોઇ રહ્યો હતો. તે વખત તેના કાનમાં વાજિંત્રોનો અવાજ પડ્યો. આ અવાજ સાંભળી તેણે પોતાની પાસે ઉભેલા એક નોકરને પૂછ્યું:—'આ ધામધુમ શાની છે ?' તેણે જણાવ્યું કે —'ચાંપા નામની એક શ્રાવિકાએ છ મહીનાના ઉપવાસો કર્યા છે. તે ઉપવાસ એવા કે–જ્યારે જરૂર પડે ત્યારે માત્ર દિવસે ગરમ પાણી સિવાય કોઇ વખતે બીજી કંઇ પણ વસ્તુ મ્હોંમાં નાખી શકાય નહિ, અને તે નિમિત્તે આ વાજિંત્રો વાગી રહ્યાં છે.

'છ મહીનાના ઉપવાસ, આ શબ્દ સાંભળતાંજ બાદશાહ તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. 'મુસલમાનો એક મહીનાના રોજા કરે છે, તેમાં પણ રાત્રે તો પેટ ભરીને ખાય છે, તેમાં તો કેટલુંએ કષ્ટ પડે છે, તો પછી બીલકુલ ભોજન લીધા સિવાય છ મહીનાના ઉપવાસ કેમ થઇ શકે ?' આ શંકા તેના હૃદયમાં ઉપસ્થિત થઇ, અને તેથી તેણે આ વાતની ખાતરી કરવાને માટે મંગલચૌધરી અને કામરૂખાન નામના પોતાના બે માણસોને ચાંપાને ત્યાં મોકલ્યા. આ બન્નેએ ત્યાં જઇ વિનયભાવથી પૂછ્યું:—

બહેન ! તમારાથી આટલા બધા દિવસો સુધી ભૂખ્યા કેમ રહી શકાય છે ? એક દિવસ બપોરે ભોજન ન થયું હોય, તો શરીર ધ્રૂજવા લાગે છે, તો પછી આટલા બધા દિવસ સુધી અન્ન વિના કેમ ચાલી શકે ?'

ચાંપાએ કહ્યું—'ભાઇઓ ! આવી તપસ્યા કરવી, એ મારી શક્તિથી બહારનું કામ છે. પરન્તુ દેવ–ગુરૂની કૃપાથીજ હું આ તપસ્યા કરૂં છું, અને આનંદપૂર્વક ધર્મ ધ્યાનમાં દિવસો ગુજારૂં છું !'

ચાંપાનાં પરમ આસ્તિકતાવાળાં આ વચનો સાંભળી તેઓને એમ પૂછવાનું મન અવશ્ય થઇ આવ્યું કે–આ બાઇના દેવ અને ગુરૂ કોણ છે, કે જેના પ્રતાપથી આ બાઈમાં આટલી બધી શક્તિ આવી છે ?

પોતાની આ જિજ્ઞાસા પૂર્ણ કરવાને તેમણે જ્યારે પૂછયું, ત્યારે ચાંપાએ કહ્યું —'મારા દેવ ઋષભાદિ તીર્થંકરો છે, કે જેઓ સમસ્ત પ્રકારના દોષો અને જન્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરણથી રહિત થયેલા છે, અને મારા ગુરૂ હીરવિજયસૂરિ છે કે–જેઓ કંચન કામિનીના ત્યાગી થઇ ગ્રામાનુગ્રામ વિચરી જગત્‌ને કલ્યાણનો ઉપદેશ આપે છે.'

**મંગલચૌધરી અને કમરૂખાને** બાદશાહ પાસે આવી ઉપરની તમામ હકીકત નિવેદન કરી. બાદશાહની આ વખતે તીવ્ર ઇચ્છા થઇ કે–આવા મહાપ્રતાપી સૂરિનાં દર્શન અવશ્ય કરવાં જોઇએ. આ વખતે બાદશાહને એમ પણ વિચાર થયો કે–**ઇતમાદખાન** ગુજરાતમાં ઘણું રહેલ છે, માટે તે હીરવિજયસૂરિથી પરિચિત હશે. આથી તેણે **ઇતમાદખાનને** બોલાવી પૂછયું–'શું તમે હીરવિજયસૂરિને જાણો છો ?' ઇતમાદખાને કહ્યું:–'હા હજુર, હીરવિજયસૂરિ એક સાચા ફકીર છે. એક્કા ગાડી, ઘોડા વિગેરે કંઇ પણ વાહનમાં બેસતા નથી. હમેશાં પગે ચાલી ગ્રામાનુગ્રામ ફરે છે, દ્રવ્ય રાખતા નથી, સ્ત્રીથી સર્વથા દુર રહે છે, અને હમેશાં ઇશ્વરની બંદગી કરી લોકોને સારો સારો બોધ આપવામાંજ દિવસો ગુજારે છે.'

**ઇતમાદખાનના** આ વચનોથી બાદશાહની ઉત્કંઠામાં કંઇક વધારો થયો અને તેની સંપૂર્ણ ઇચ્છા થઇ કે–' આવા સાચા ફકીરને અવશ્ય આપણા દરબારમાં બોલાવવો જોઇએ, અને તેમનો ઉપદેશ સાંભળવો જોઇએ.'

આવાજ પ્રસંગમાં એક દિવસ નગરમાં નિકળેલો એક મોટો વરઘોડો તેની દૃષ્ટિમાં પડ્યો. અનેક પ્રકારના વાજિંત્રો અને હજારો મનુષ્યોની ભીડ તેના જોવામાં આવી. તેજ વખત તેણે **ટોડરમલ્લને** પૂછયું–' આટલાં બધાં માણસોની ભીડ અને આ વાજાં–એ બધું શાને માટે છે ? **ટોડરમલ્લે** કહ્યું–' સરકાર ! જે બાઇએ છ મહીનાની તપસ્યા કરી હતી, તે તપસ્યા આજે પૂરી થઇ છે, તેની ખુશાલીમાં શ્રાવકોએ આ વરઘોડો ચઢાવેલો છે.

બાદશાહે ઉત્સુકતાપૂર્વક પુનઃ પૂછયું–' તો શું, તે બાઇ પણ આ વરઘોડામાં સામેલ છે ?

**ટોડરમલ્લે** કહ્યું–' હા હજૂર ! તે બાઇ ઉત્તમોત્તમ વસ્ત્રો અને આભૂષણોથી સુસજ્જિત થઇ પ્રસન્નતાપૂવક એક પાલખીમાં બેઠી છે. તેની સામે ફૂલો અને સોપારી વિગેરેથી ભરેલા કેટલાક થાળો રાખવામાં આવ્યા છે.'

આમ વાતો થતી હતી, તેવામાં વરઘોડો બાદશાહી મહેલ પાસે આવ્યો. બાદશાહે વિવેકથી માણસોને મોકલી માનપૂર્વક ચાંપાબાઇને પોતાના મહેલમાં બોલાવી, અને વિનયપૂર્વક પૂછયું–' માતાજી ! તમે કેટલા અને કેવી રીતે ઉપવાસો કર્યા ?'

ચાંપાએ કહ્યું–' પૃથ્વીનાથ ! મેં છ મહીના સુધી અનાજ લીધું નથી. માત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ કોઇ વખત વધારે તૃષા લાગતી, ત્યારે દિવસના ભાગમાં ગરમ પાણી થોડું થોડું પી લેતી. એવી રીતે મારો છમાસી તપ આજે પૂર્ણ થયો છે.'

બાદશાહે આશ્ચર્યાન્વિત થઇ કહ્યું–' બાઈ ! આટલા બધા ઉપવાસ તમારાથી કેમ થઇ શકયા ?'

ચાંપાએ દૃઢતા અને શ્રદ્ધાપૂર્વક કહ્યું–' મારા ગુરૂ હીરવિજયસૂરિના પ્રતાપથીજ હું આટલી તપસ્યા કરી શકી છું.'

જો કે, બાદશાહ મંગળચોધરી અને કમરૂખાનને પહેલાં મોકલીને ચાંપાની આ હકીકતથી વાકેફ થયો હતો, છતાં કુદરતનો કાયદો છે કે–બીજાના મુખથી સાંભળેલી વાતમાં જેટલો આનંદ અને લાગણી ઉદ્ભવે છે, તેના કરતાં સાક્ષાત્કારથી કંઇ ગુણો આનંદ અને લાગણી ઉત્પન્ન થાય છે અને તેટલાજ માટે બાદશાહે ' જાણવા છતાં ફરી શા માટે પૂછયું ?' એવી મનમાં લગાર પણ શંકા લાવ્યા સિવાય ઉપર્યુક્ત હકીકત ખાસ ચાંપાનેજ પૂછીને પોતાની જિજ્ઞાસા પૂરી કરી. આ વખતે બાદશાહે એ પણ પૂછીને પોતાનું સમાધાન કરી લીધું કે–' હીરવિજયસૂરિ અત્યારે કયાં બીરાજે છે ?' તેને ચાંપાના કહેવાથી માલૂમ પડયું કે સૂરિશ્વરજી અત્યારે ગુજરાત પ્રાંતના ગંધાર નગરમાં બિરાજે છે.

બાદશાહ ચાંપાની બધી વાતોથી બહુ ખુશી થયો. તેણે પોતાના મનમાં નિશ્ચય કર્યો કે–ગમે તે રીતે પણ હીરવિજયસૂરિને અહિં બોલાવવા યત્ન કરવો.

"એક વખત અકબર બાદશાહ મહેલના ઝરૂખે બેસી ચર્ચા જોઇ રહ્યો હતો. ગમે તે રીતે પણ હીરવિજયસૂરિને અહિં બોલાવવા યત્ન કરવો."

આ રીતે મુકરર થયા પછી ગંધાર નગર કે જ્યાં હીરવિજયસૂરિ હતા ત્યાંના શ્રાવકો ઉપર સોનેરી ફરમાન મોકલવામાં આવ્યું કે—

" હાથી ઘોડા પાલખી અને બીજી રાજ્ય સામગ્રી સાથે સન્માન અને ધામધુમપૂર્વક શ્રી હીરવિજયસૂરીને અહિં મોકલો." ]

## સમ્રાટ્નો તેમના તરફ વિશ્વાસ અને પ્રેમ.

સૂરિજી વિહાર કરી પધાર્યા અને અકબ્બર બાદશાહના પરિચયમાં આવ્યા પછી પરમાત્મા મહાવીરના સિદ્ધાંતોને યથાર્થ રીતે યુક્તિપૂર્વક સમજાવી પરસ્પર પ્રેમ ઉત્પન્ન કરી શકયા અને બાદશાહનું વલણ તેમના તરફ ઢળવા લાગ્યું. ચમત્કાર વગર નમસ્કાર નથી એ ન્યાયે શ્રીમદ્ હીરવિજયસૂરિએ બાદશાહને ' અટક ' નો અજેય કિલ્લો મંત્રબળથી ક્ષણવારમાં જીતાવી આપ્યો. અને બાદશાહનો અધિક પ્રેમ સંપાદન કર્યો. જુદા જુદા ધર્મોની ચર્ચામાં જૈન દર્શનની સિદ્ધિ–અહિંસાની સિદ્ધિ એવી સચોટ રીતે પ્રતિપાદન કરતા કે બુદ્ધિશાળી બાદશાહ તેમના ઉપર વિશ્વાસ અને પ્રેમથી રંગાઇ ગયો. આ પ્રસંગમાં શતાવધાની શાંતિચંદ્ર ગણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિગેરે ૧૩ પંડીતો તેમના શિષ્ય રત્નો અને સહાધ્યાયીઓ તેમને મદદગાર રૂપે સાથેજ** હતા.

## બાદશાહનું હિંસાથી કરાવેલું નિવર્તન.

**વિશ્વાસ અને પ્રેમ સંપાદન કર્યા પછી એમના જેવા મહાત્માને જૈન દર્શનનો પ્રભાવ સ્થાપન કરવાનો હતો એટલુંજ નહિં પરંતુ બાદશાહને દુર્ગતિમાંથી બચાવી લેવાનો હેતુ હતો. ધીમે ધીમે સમ્રાટ પાસે પોતાના રાજ્યમાં નીચે મુજબ કાર્યો કાયદાના અમલ રૂપે ઢંઢેરાથી પ્રકટ કરાવ્યા.**

**'પજૂસણના આઠ દિવસ અને ચાર દિવસ વધારે એટલે બાર દિવસો, બાદશાહના જન્મનો આખો મહિનો, રવિવારના દિવસો, ઇદના અને સંક્રાંતિના દિવસો, નવરોજના દિવસો વગેરે તમામ દિવસોમાં અમારિનું પાલન કરવું—કોઇએ જીવહિંસા કરવી નહિ.'** બાદશાહે પોતે માંસાહાર બંધ કર્યો અને અનેક જીવોને અભય આપ્યું. જે બાદશાહ તમો ગુણના સંસ્કારો વારસામાં લઇને જન્મ્યો હતો તે સૂરિજી જેવા સત્વગુણીના પરિચયથી હિંસાના પ્રચંડ પાપથી નિવૃત્ત થઇ ઘણે અંશે સત્વગુણી બની ગયો હતો. મહાત્માઓનો પરિચય—સત્સંગ હમેશાં ઉત્તમોત્તમ ફળ ઉપજાવે એમાં આશ્ચર્ય જેવું કશું નથી. ત્યારપછી પ્રજાને પીડનાર 'જજીયાવેરો' પણ બાદશાહને સમજાવી માફ કરાવ્યો અને પ્રજાવર્ગને સુખી કરવામાં સહાયભૂત થયા.

## સ્વર્ગવાસ પહેલાં એમણે બતાવેલું આત્મબળ.

**શ્રીમદ્ હીરવિજયસૂરિ** સં. ૧૬૫૧ નું ચાતુર્માસ પૂર્ણ કરીને ઊનાથી જ્યારે વિહાર કરવા લાગ્યા ત્યારે તેઓનું શરીર અસ્વસ્થ હોવાના કારણે સંઘે વિહાર કરવા દીધો નહિ, જેથી સૂરિજીને ત્યાંજ રહેવું પડયું તે સંબંધમાં તેમના જીવનની **છેલ્લી ઘડીમાં તેમનું અડગ ધૈર્ય કેવું હતું ? તેમના આત્માને અગ્નિતાપમાં સુવર્ણ** કસાય તેમ કસવાને વ્યાધિનો જે વિકટ પ્રસંગ ઉપસ્થિત થયો હતો અને તેમાં **તેઓ ખરેખરા જાત્ય સુવર્ણ તરીકે સિદ્ધ થયા હતા તે દર્શાવનારો હૃદયને** હચમચાવનારો પ્રસંગ **સૂરિશ્વર અને સમ્રાટ્** પુસ્તકમાં આ રીતે વર્ણવવામાં આવેલો છે.

["જે રોગના કારણે સૂરિજીને પોતાનો વિહાર બંધ રાખવો પડ્યો, તે રોગે વિહાર બંધ રાખવા છતાં શાન્તિ તો નજ પકડી. દિવસે દિવસે તે રોગ વધતોજ ગયો, ત્યાં સુધી કે પગે સોઝા પણ ચડી આવ્યા. શ્રાવકો ઔષધને માટે તમામ પ્રકારની સગવડ કરવા લાગ્યા; પરન્તુ સૂરિજીએ તેમ કરવાની ચોખ્ખી નાજ પાડી. તેમણે કહ્યું:—" ભાઇઓ ! મારે માટે દવાની તમે જરા પણ ખટપટ કરશો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયમાં આવેલાં કર્મો સમભાવ પૂર્વક મારે ભોગવવાં, એજ મારો ધર્મ છે. આ રોગોથી ભરેલા અને વિનશ્વર શરીરને માટે અનેક પ્રકારનાં પાપવાળાં કાર્યો કરવાં, એ મને વ્યાજબી લાગતું નથી. '

વિધિ–અપવાદને જાણનારા શ્રાવકોએ સૂરિજીને કેટલાંક શાસ્ત્રીય પ્રમાણો આપી એમ ઠસાવવા પ્રયત્ન કર્યો કે–અપવાદ માર્ગે આપના જેવા શાસન પ્રભાવક ગચ્છના નાયક સૂરીશ્વરને માટે રોગ નિર્વાણાર્થ કંઇ દોષ સેવવો પડે, તો તે શાસ્ત્ર-યુક્તજ છે; પરન્તુ સૂરિજીએ તેમનું માન્યુંજ નહિ. સૂરિજી આ અપવાદ માર્ગથી અજાણ્યા નહિ હતા. તેઓ શાસ્ત્રોના પારગામી હતા, ગીતાર્થ હતા અને મહાન્ અનુભવી હતા. એટલે તેમનાથી આ હકીકત અજાણી ન્હોતી; છતાં તેઓ સખ્ત નિષેધ કરતા હતા, એનું કારણ એજ હતું કે, તેઓના સમજવામાં ચોક્કસ આવ્યું હતું કે 'હવે મારૂં આયુષ્ય અલ્પ છે; હવે તો મારે બીજાં બાહ્ય ઉપચારો ઔષધો કરતાં ધર્મૌષધિનું સેવનજ વિશેષતયા કરવું જોઇએ. થોડી જિંદગીને માટે એવા આરંભ–સમારંભવાળી દવાઓ કરવાની શી જરૂર છે.' બસ, આજ કારણથી તેઓ શ્રાવકોને નિષેધજ કરતા રહ્યા. શ્રાવકોને બહુ દુ:ખ થયું. તેઓ ઉપવાસ કરીને બેસી ગયા. 'સૂરિજી દવા નહિ કરવા દે, તો અમે તો કોઇ ભોજન કરવાના નથી.' આવો નિયમ કરીને બેસી ગયા. ઋષભદાસ કવિ તો ત્યાં સુધી કહે છે કે—સૂરિજીએ દવા નહિ કરવા દેવાથી જેમ ગૃહસ્થો ઉપવાસ કરીને બેસી ગયા, તેમ કેટલીક બાઇઓએ તો પોતાનાં બાળકોને ધવરાવવાં પણ બંધ કર્યાં. આખા ગામમાં હોહા મચી ગઇ. સૂરિજીના શિષ્યોને પણ બહુ લાગી આવ્યું. સોમવિજયજીએ સૂરિજીને સમજાવતાં કહ્યું—'મહારાજ ! આમ કરવાથી શ્રાવકોનાં મન સ્થિર રહેશે નહિ. જેમ આપ દવા કરવાની ના પાડો છો, તેમ શ્રાવકો અને શ્રાવિકાઓ નહિ ખાવા–પીવાની હઠ લઇને બેસી ગયાં છે; માટે આપે સંઘના માનની ખાતર પણ દવા કરવાની 'હા' પાડવી જરૂરની છે. પૂર્વ ઋષિયોએ પણ રોગો ઉપસ્થિત થતાં ઔષધોપચાર કરેલ છે એ વાત આપનાથી અજાણી નથી. ભલે શુદ્ધ અને થોડું ઔષધ થાય, પરન્તુ કંઇક તો આપે છૂટ આપવીજ જોઇએ.

સોમવિજયજીના વિશેષ આગ્રહથી પોતાની ઇચ્છાવિરુદ્ધ પણ સૂરિજીએ દવા કરવાની છૂટ આપી. સંઘ ઘણો ખુશી થયો. સ્ત્રિઓ બાળકોને ધવરાવવા લાગી. સારા દક્ષ વૈદ્યે વિવેકપૂર્વક દવા શરૂ કરી અને દિવસે દિવસે વ્યાધિમાં કંઇક ઘટાડો થવા લાગ્યો. પરન્તુ શરીરશક્તિ એવી નજ થઇ કે જેથી તેઓ સુખે સમાધિ–જ્ઞાન–ધ્યાન–ક્રિયામાં તત્પર રહી શકે.

હીરવિજયસૂરિના પ્રધાનશિષ્ય અને તેમના પાટના અધિકારી વિજયસેનસૂરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આ વખતે અકબર બાદશાહની** પાસે **લાહોરમાં** હતા. **સૂરિજીને** ગચ્છની સાર-**સંબંધી વધારે** ચિંતા રહ્યા કરતી હતી. ' વિજયસેનસૂરિ છે નહિં, તેઓ ઘણે દૂર છે. જો નજીક હત, તો બોલાવીને ગચ્છ સંબંધી તમામ ભલામણ કરી દેત. ' આજ **વિચારો તેમના** હૃદયસાગરમાં વારંવાર ઉભરી આવતા હતા. છેવટે તેમણે આ વખત પોતાની પાસેના બધા સાધુઓને એકઠા કરી કહ્યું કે ' જેમ બને તેમ જલદી **વિજયસેનસૂરિ અહિં** આવે, તેવો પ્રયત્ન કરો. '

**સાધુઓએ વિચાર** કરી બીજા કોઇ માણસને ન મોકલતાં **ધનવિજયજીનેજ લાહોર તરફ રવાના** કર્યા. ઘણી **લાંબી ખેપો કરીને** તેઓ બહુ જલદી લાહોર પહોંચ્યા **અને સૂરિજીની** બીમારી સંબંધી તથા તેઓને **સૂરિજી વારંવાર** યાદ કરે છે **તે સંબંધી સમાચાર** કહ્યા. વિજયસેનસૂરિ તેમના આ સમાચારથી બહુ ચિંતા-તુર **થયા**. તેમના શરીરમાં એકાએક શિથિલતા આવી ગઇ. તેમના હૃદયમાં એકદમ **ધ્રાસકો પડ્યો અને** પગ ઢીલા થઇ ગયા. તેઓ એકદમ **બાદશાહ** પાસે ગયા **અને સૂરિજીના વ્યાધી સંબંધી** અને પોતાને તેડાવવા **સંબંધી વાત કરી. બાદશાહ** આ વખતે **રહેવા માટે** આગ્રહ કરી શકે તેમ ન્હોતો. આ અનિવાર્ય કારણે તેમને ગુજરાત જવા **માટે સમ્મતિ** આપવીજ જોઇએ, એ વાત બાદશાહના હૃદયમાં આવી ગઇ, અને તેથી તેણે વિજયસેનસૂરિને ગુજરાતમાં જવાની સમ્મતિ આપી; તેમ પોતાના તરફથી **સૂરિજીને** દુઆ કહેવાની પણ ભલામણ કરી.

**विजयप्रशस्ति महाकाव्यना** કર્તાનો મત છે કે—' વિજયસેનસૂરિ, **અકબર** બાદશાહ પાસે **નંદિવિજયજીને** મૂકીને જ્યારે તેઓ ગુજરાતમાં આવતાં **મહિમનગરમાં** આવ્યા, ત્યારે તેમને હીરવિજયસૂરિની બીમારી સંબંધી પત્ર મળ્યો હતો. '

ગમે **તેમ** હો, પરન્તુ હીરવિજયસૂરિની બીમારી વખતે તેઓ તેમની પાસે **નહિં હતા અને** તેમને જલદી આવવાને સૂચના કરવામાં આવી હતી, એમાં તો **બેમત છેજ નહિં.**

**બીજી** તરફ **હીરવિજયસૂરિની** વ્યાધિમાં જેમ વધારો થતો ગયો, તેમ તેઓને **વિજયસેનસૂરિની** અવિદ્યમાનતાના ખેદમાં પણ વધારોજ થતો ગયો. ' હજુ સુધી **તેઓ કેમ ન** આવ્યા ? જો આ વખતે તેઓ મારી પાસે હત, તો છેવટના પ્રસંગે **અનશનાદિ ક્રિયા કરવામાં** મને ઘણો ઉલ્લાસ થાત. ' આજ વિચારો તેમને **વારંવાર થયા કરતા.**

ગમે **તેટલા વિચારો** થવા છતાં અને ગમે તેટલી ઉતાવળ કરવા છતાં, **મનુષ્ય જાતિથી** જેટલું ચલાતું હોય, તેટલુંજ ચલાય છે. મનુષ્યોને કંઇ પાંખો **નથી** હોતી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જેથી ઉડીને ઇચ્છિત સ્થાને જઇ શકાય. તેમ વિજયસેનસૂરિ એક જૈન સાધુ કોઇ એ પણ એમનાથી બને તેમ નહોતું કે—અકબર બાદશાહના ખાસા કોઇ પવનવેગી ઘોડા પર સવાર થઇને એકદમ લાહોરથી ઊના જઈ શકે.

હીરવિજયસૂરિ વિજયસેનસૂરિને આવવાની જેટલી પ્રતીક્ષા કરી રહ્યા હતા. તેટલીજ બલ્કે તેથી પણ વધારે વિજયસેનસૂરિ હીરવિજયસૂરિની સેવામાં જલદી પહોંચવાની ઉત્કટ ઇચ્છા રાખતા હતા. પરન્તુ કરે શું ? ઘણા દિવસો વ્યતીત થઇ જવા છતાં વિજયસેનસૂરિ આવી પહોંચ્યા નહિ, ત્યારે સૂરિજીએ એક દિવસ બધા સાધુઓને એકઠા કરી કહ્યું કે—

" વિજયસેનસૂરિ હજૂ સુધી આવ્યા નહિ. હું ચાહતો હતો કે—તેઓ મને છેવટની ઘડીએ મળ્યા હત, તો સમાજ સંબંધી કંઈક ભલામણ કરત. ખેર, હવે મને મારૂં આયુષ્ય ટુંકું લાગે છે, માટે તમારી બધાઓની સમ્મતિ હોય, તો હું આત્મકાર્ય કરૂં. "

હીરવિજયજીસૂરિનાં આ વચન સાંભળી સાધુઓ ગળગળા થઇ ગયા. સોમવિજયજીએ કહ્યું–" મહારાજ આપ લગાર પણ ચિંતા ન કરો. આપે તો આવા વિષમકાળમાં પણ આત્મસાધન કરવામાં કંઇ કચાસ રાખી નથી. ત્યાગ, વૈરાગ્ય, તપસ્યા, ધ્યાન અને ક્ષાન્ત્યાદિ ગુણો તથા અસંખ્ય જીવોને અભયદાન આપવા–અપાવવા વગેરે કરીને આપે તો આપના જીવનની સાર્થકતા કરી લીધી છે. આપ બેફિકર રહો, આપને બહુ જલદી આરામ થઇ જશે અને વિજયસેનસૂરિ પણ જલદીજ આપની સેવામાં આવી પહોંચશે."

સૂરિજીએ આના ઉત્તરમાં વધારે ન કહેતાં માત્ર એટલુંજ કહ્યું:—" તમે કહો છો તે ઠીક છે, પરન્તુ ચોમાસુ બેસી ગયું છે અને હજૂ સુધી વિજયસેનસૂરિ આવ્યા નહિં. ન માલૂમ તેઓ ક્યારે આવશે ?"

સોમવિજયજીએ પુન: એજ કહ્યું:–" મહારાજ ! આપ બહુ જલદી નિરાબાધ થઇ જશો અને વિજયસેનસૂરિ પણ શીઘ્ર આવી પહોંચશે."

એમ સમજાવતાં સમજાવતાં પજૂસણ સુધી દિવસો કાઢી નાખ્યા. એ નવાઇ જેવી હકીકત છે કે—આવી અવસ્થામાં પણ સૂરિજીએ પોતે પજૂસણમાં કલ્પસૂત્રનું વ્યાખ્યાન વાંચ્યું હતું. પરન્તુ વ્યાખ્યાન વાંચવાના પરિશ્રમથી તેમનું શરીર વધારે શિથિલ થઇ ગયું. પજૂસણ પૂરાં થયાં અને સૂરિજીને પોતાના શરીરમાં વધારે શિથિલતા જણાઇ, ત્યારે તેમણે ભાદરવા સુદી ૧૦ ( વિ. સં. ૧૬૫૨ ) ના દિવસે મધ્યરાત્રિએ પોતાની સાથેના વિમલહર્ષ ઉપાધ્યાય વિગેરે તમામ સાધુઓને એકઠા કરી કહેવા લાગ્યા:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"મુનિવરો, મેં મારા જીવનની આશા હવે છોડી દીધી છે, ઠીકજ છે. જન્મે છે તે અવશ્ય મરેજ છે. વ્હેલાં કે મોડાં–બધાઓને તે માર્ગ લેવાનો છે. તીર્થંકરો પણ આ અટલ સિદ્ધાન્તથી છૂટી શકયા નથી. અરે, આયુષ્યને ક્ષણમાત્ર વધારવાને પણ કોઈ સમર્થ થઇ શકતું નથી. માટે તમે લગાર પણ ઉદ્વેગ કરશો નહિ. વિજયસેનસૂરિ અહિં હત, તો હું તમારા–બધાઓ માટે યોગ્ય ભલામણ કરત. કલ્યાણવિજય ઉપાધ્યાય પણ છેવટે મળ્યા નહિ. ખેર, હવે હું તમને જે કંઇ કહેવા માગું છું તે એ છે કે–તમે કોઈ પણ જાતની ચિંતા કરશો નહિ. તમારી બધીએ આશાઓ વિજયસેનસૂરિ પૂર્ણ કરશે. તેઓ શૂરવીર, સત્યવાદી અને શાસનના પૂર્ણ પ્રેમી છે. હું તમને ભલામણ કરૂં છું કે–જેવી રીતે તમે બધા મને માનો છો, તેવીજ રીતે તેમને પણ માનજો અને તેમની સેવા કરજો. તેઓ પણ તમારૂં પુત્રની માફક પાલન કરશે. તમે બધા સંપીને રહેજો અને જેમ શાસનની શોભા વધે તેમ વર્તાવ કરજો. ખાસ કરીને વિમલહર્ષ ઉપાધ્યાય અને સોમવિજયજીને જણાવું છું કે–તમે છેવટ સુધી મને બહુ સંતોષ આપ્યો છે. તમારાં કાર્યોથી મને બહુ પ્રસન્નતા થયેલી છે. હું તમને પણ અનુરોધ કરૂં છું કે–તમે શાસનની શોભા વધારજો, અને આખો સમુદાય જેમ સંપીને રહે છે, તેવી રીતે કાયમને માટે રહે, તેવો પ્રયત્ન કરજો."

સાધુઓને ઉપર પ્રમાણે શિખામણો આપી સૂરિજી પોતાના જીવનમાં લાગેલાં પાપોની આલોચના અને સમસ્ત જીવો પ્રત્યે ક્ષમાપના કરવા લાગ્યા. જે વખતે તેઓ સાધુઓ પ્રત્યે ક્ષમાવવા લાગ્યા, ત્યારે સાધુઓનાં હૃદયો ભરાઇ આવ્યાં. તેમની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં; કંઠ રૂંધાઇ ગયો. આવી સ્થિતિમાં સોમવિજયજીએ સૂરિજીને કહ્યું:–"ગુરૂદેવ ! આપ આ બાળકોને શાના ખમાવો છો ? આપે તો અમને પ્યારા પુત્રોની માફક પાળ્યા છે, પુત્રોથી પણ અધિક ગણીને અમારી સાર સંભાળ રાખી છે; તેમ અજ્ઞાનરૂપી અંધકારમાંથી હાથ પકડીને અમને પ્રકાશમાં લાવી મૂકયા છે. આટલો બધો અનહદ ઉપકાર કરનાર આપ–પૂજ્ય અમને ખમાવો, એથી અમને તો બહુ લાગી આવે છે. અમે આપના અજ્ઞાની–અવિવેકી બાળકો છીએ. ડગલે અને પગલે અમારાથી આપનો અવિનય થયો હશે, વખતો વખત અમારા નિમિત્તે આપનું હૃદય દુભાયું હશે. તે બધાઓની અમે આપની પાસે ક્ષમા યાચીએ છીએ. પ્રભો ! આપ તો ગુણના સાગર છો. આપ જે કંઈ કરતા આવ્યા છો, તે અમારા ભલાની ખાતરજ–છતાં આપના ગંભીર આશયને નહિ સમજી, ઘણી વખત મનથી પણ આપના અભિપ્રાયથી વિરૂદ્ધ ચિંતવન થયું હશે. એ બધા ગુન્હાઓ આપ માફ કરશો. ગુરૂદેવ ! વધારે શું કહીએ ? અમે અજ્ઞાની અને અવિવેકી છીએ; અતએવ મન–વચન–કાયાથી જે કંઇ આપનો અવિનય–અવિવેક કે આશાતના થયાં હોય, તેની આપ ક્ષમા આપશો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિજીએ કહ્યું–" મુનિવરો ! તમારૂં કહેવું ખરૂં છે. પરન્તુ મારે પણ તમને ખમાવવા એ મારો આચાર છે. ભેગા રહેવામાં વખતે કોઇને કંઇ કહેવું પડે, અને તેનું મન દુભાય, એ સ્વાભાવિકજ છે. માટે હું પણ તમને બધાઓને ખમાવું છું."

એ પ્રમાણે સમસ્ત જીવોને ખમાવ્યા પછી સૂરિજીએ પાપની આલોચના કરી અને અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ–એ ચાર શરણોનો આશ્રય કર્યો.

સૂરિજી, બધી બાપનો તરફથી પોતાના ચિત્તને હઠાવી લઇ પોતે પોતાના જીવનમાં આચરેલ શુભકાર્યો–વિનય, વૈયાવચ્ચ, ગુરૂભક્તિ, ઉપદેશ, તીર્થયાત્રા અને એવાં બીજાં કાર્યોની અનુમોદના કરવા લાગ્યાં. ઢંઢણ, દઢપ્રહારી, અરણિક, સનત્કુમાર, ખંધકકુમાર, કૂરગડુ, ભરત, બાહુબલી, બલિભદ્ર, અભયકુમાર, શાલિભદ્ર, મેઘકુમાર અને ધન્ના વિગેરે પૂર્વે ઋષિઓની તપસ્યા અને તેમની કષ્ટોને સહન કરવાની શક્તિનું સ્મરણ કરવા લાગ્યા. તે પછી નવકાર મંત્રનું ધ્યાન કરી દસ પ્રકારની આરાધના કરી.

થોડો વખત સૂરિજી મૌન રહ્યા તેમના ચહેરા ઉપરથી જણાતું હતું કે, તેઓ કોઇ ગંભીર ધ્યાનસાગરમાં નિમગ્ન છે. ચારે તરફ ઘેરાઇને બેઠેલા મુનિઓ સૂરિજીના મુખારવિંદની સ્હામે ટગર ટગર જોઇ રહેલ છે. અને એવી પ્રતીક્ષા કરી રહ્યા છે કે–હમણાં ગુરૂદેવ કંઇક બોલશે; જ્યારે સેંકડો સ્ત્રીપુરૂષો સૂરિજીની પૂજા કરી જુદા જુદાં સ્થાનોમાં ઉદાસીનતા પૂર્વક બેસી જાય છે.

આજે ભાદરવા સુદિ ૧૧ ( વિ. સં. ૧૬૫૨ ) નો દિવસ છે. સંધ્યાકાલ થવા આવ્યો. સૂરિજી અત્યારસુધી ધ્યાનમાં મગ્ન હતા સાધુઓ તેમના મુખકમલને નિહાળી રહ્યાં હતા. અકસ્માત્ સૂરિજીએ આંખ ઉઘાડી. પ્રતિક્રમણનો વખત થયેલો જોયો. પોતે સાવધ થઇને બધા સાધુઓને પોતાની પાસે બેસાડી પોતે પ્રતિક્રમણ કરાવ્યું. પ્રતિક્રમણ પૂરૂં થયા પછી સૂરિજીએ છેલ્લા શબ્દો ઉચ્ચારતાં કહ્યું:—

" ભાઈઓ ! હવે હું મારા કાર્યમાં લીન થાઉં છું. તમે કોઇ કાયર થશો નહિં. ધર્મકાર્ય કરવામાં શૂરવીર રહેજો." એટલું બોલતાં બોલતાં સૂરિજીએ સિદ્ધનું ધ્યાન કર્યું. સૂરિજીની વાણી બંધ થતાં ' મારૂં કોઇ નથી,' ' હું કોઇનો નથી,' ' મારો આત્મા જ્ઞાન–દર્શન ચારિત્રમય છે,'–' સચ્ચિદાનંદમય છે,' ' મારો આત્મા શાશ્વત છે.' ' હું શાશ્વત સુખનો માલિક થાઉં.' ' બીજા બધા બાહ્યભાવોને વોસરાવું છું.' તેમ ' આહાર; ઉપાધિ અને આ તુચ્છ શરીરને પણ વોસરાવું છું.' આ વચનો કાઢી સૂરિજી ચાર શરણાંનું સ્મરણ કરવા લાગ્યા. આ વખતે સૂરિજી પદ્માસને બિરાજમાન થયા. હાથમાં નવકારવાળી લઇ જાપ કરવા લાગ્યા. ચાર માળા પૂરી કરીને જ્યારે પાંચમી માળા ગણવા જતા હતા, કે તુર્ત તે માળા હાથમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નીચે પડી** ગઈ. લોકોમાં હાહાકાર મચી ગયો. જગત્‌નો હીરો આજ ક્ષણે આ માનુષી દેહને છોડી ચાલતો થયો. સુરલોકમાં હીરની પધરામણી થતાં સુરઘંટનો નાદ થયો. અને ભારતવર્ષમાં ગુરૂવિરહનું ભયંકર વાદળ છવાઈ ગયું. " ]

એમના અવસાનના સમાચાર સાંભળી સમ્રાટ્ અકબર પણ શોકની છાયામાં ગિરફતાર થઈ ગયો. ભારતવર્ષમાં જૈન દર્શનનો વિજય ધ્વજ ફરકાવનાર મહાત્માની હમેશને માટે ખોટ પડી. એમનું સ્મરણાવશેષ યશઃશરીર આપણે માટે ગુણો ઉત્પન્ન કરવામાં નિમિત્ત ભૂત રહેલું છે; જેથી આત્માની પ્રગતિ ( Evolution ) થવા સાથે શ્રીમદ્ હરિભદ્રસૂરિના **यथाशक्ति विधानेन नियमात् सफलप्रदः** એ વચન અનુસાર એમના જીવન તત્વોમાંથી જે કાંઇ ગુણો ગ્રહણ થાય તે આપણા આત્મામાં ઉતારવા એ આપણું વર્તમાન કર્તવ્ય છે.

ફતેહચંદ ઝવેરભાઈ.

# વિદ્યાનું દૈવત.

રચનાર—શ્યામજી લવજી ભટ્ટ.—( વરલ નિવાસી. )

સવૈયા ( લાવણી. )

અહા ! પ્રભાકર[1] થકી અધિકી[2] પ્રકાશમય પૂરણ વિદ્યા,
ફક્ત સૂર્ય તો બાહ્ય પ્રકાશક અંતર બાહ્ય બધે વિદ્યા;
અમૃતમય કિરણોથી ઇન્દુ[3] બાહ્ય તાપ શામક[4] સુખદા,
બાહ્યાભ્યંતર[5] તણા બહુધા[6] તાપ ત્રિવિધ ટાળક વિદ્યા.
સર્વ ભક્ષી છે પાવક[7] તદપિ અઘને[8] નહિ બાળે જ કદા,
અમિત[9] જન્મના સંચિત પાતક[10] ભસ્મીભૂત કરે વિદ્યા;
કલિમલહારક[11] અઘમોદ્ધારક નદીઓ છે સુરસરિતાદ્યા,[12]
પાવનને[13] પાવન કરનારી પવિત્રતામય છે વિદ્યા.
ખર્ચે ખુટે કાં કોઈ લુંટે અનેક ભયપ્રદ દ્રવ્ય સદા,
પણ ખર્ચે પ્રતિ દિવસ વધે છે ભય રહિત તે ધનવિદ્યા;
અન્ન તૃપ્તિકર ગણાય તદપિ[14] ક્ષણિક ફરજ નિજ કરે સદા,
પણ જીવન પર્યંત લગી છે અખંડ તૃપ્તિકર વિદ્યા.
× × × × ×
અમર નાશ પામે કલ્પાન્તે[15] સુધાપાન કરનાર સદા;
"શ્યામ" સંસૃતિ[16] નાશક નિશ્ચે[17] અમૃતમય રસમય વિદ્યા.

---

૧ સૂર્ય. ૨ વધારે. ૩ ચંદ્રમા. ૪ શાંત કરનાર. ૫ બહાર અને અંદર. ૬ ઘણી રીતે. ૭ અગ્નિ. ૮ પાપને. ૯ અનેક. ૧૦ એકઠા થયેલાં પાપ. ૧૧ મલિનતા દૂર કરનાર. ૧૨ ગંગા વિગેરે નદીઓ. ૧૩ પવિત્ર ને. ૧૪ તો પણ. ૧૫ યુગને અન્તે. ૧૬ સંસાર. ૧૭ નક્કી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રંથાવલોકન.

## " શ્રીચૌદરાજલોક પૂજા "

ઉપરોક્ત નવીન પૂજા કે જેના કર્તા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ છે. તેમાં ચૌદરાજ લોકનું સવિસ્તર વર્ણન સાથે પરમાત્માની આઠ પૂજાઓ દરેક અષ્ટ પ્રકારી બનાવવા આવી છે. રચના સરલ સુંદર રાગરાગણીથી બનાવેલ અને નવીન હોવાથી પરમાત્માની ભકિતનું એક અપૂર્વ સાધન બનેલું છે. તે ભણાવવાની દરેક શહેરના જૈન બંધુઓને નમ્ર સુચના કરીયે છીએ. તેના પ્રકાશક નિઃસ્વાર્થી બંધુ માણેકલાલ નાનજી ભાવનગર વાળા છે જેઓ પૂજાના પ્રેમી અને તેમની પ્રેરણાથીજ આ કૃતિ બનેલી છે. અમારે ત્યાં મળશે કિંમત માત્ર એક આનો પોસ્ટેજ જુદું.

---

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે તે ઉપકાર સાથે સ્વિકારવામાં આવે છે.

૧ શ્રી પ્રદ્યુમન ચરિત્ર શ્રી બીકાનેરના સંઘ તરફથી.
૨ સંપ્રતિરાજા. } શ્રી આત્મતિલક ગ્રંથ સોસાઇટી અમદાવાદ
૩ મેરા વિચાર. }
૪ ત્રિભુવનદીપક. ગાંધી લાલચંદ ભગવાનદાસ વડોદરા.
૫ શ્રી હીરવિજયજી સૂરિજીનું ચરિત્ર ( ૧૦૦ ) શ્રી આત્મતિલક ગ્રંથ સોસાઇટી.
૬ ચાલુ ચર્ચામાં સત્યાસ કેટલો ? શ્રી કેશરવિજયજી જૈન લાઇબ્રેરી જાલોર.
૭ શ્રી ચૌદરાજલોક પૂજા–શાહ માણેકલાલ નાનજીભાઇ ( ૧૦૦૦ ) ભાવનગરવાળા.

---

## અમારી સભાનું જ્ઞાનોધ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૫ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તે મનાધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી.
૭ ષટ્સ્થાનક સટીક.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૦ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૧ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૨ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૩ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૪ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૫ ધાતુ પારાયણ.
૧૬ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા. સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
૧૭ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા–નવસારી.
૧૮ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૯ દાનપ્રદીપ ,,
૨૦ સંબોધ સિત્તરી ,,
૨૧ ધર્મરત્ન ,,
૨૨ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોધાવાળા, હાલ મુંબઇ.
૨૩ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૪ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)

નંબર ૧૮–૧૯–૨૦–૨૧ ૨૩–૨૪ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વરમણુતા.

તત્ત્વજ્ઞાન એ મનુષ્યનું પરમ જીવન છે, વા પરમાનંદનું સ્થાન છે. ગ્રીષ્મ ઋતુનાં તાપથી વ્યાકુળ બનેલ જીવાત્માને તરૂવરની શીતલ છાયા એ વિશ્રાંતિ તથા શાંતિનું કારણ છે, તેમ આધિ ( માનસિક ચિંતા ), વ્યાધિ ( શારીરિક પીડા ) અને ઉપાધિ ( કૌટું-બિક પીડા—મોહજાળ ) ના ત્રિવિધ તાપથી અનંત કાલથી દુઃખિ થતાં, જન્મ, જરા મરણના ભયંકર દુઃખોથી પીડાતાં, સંસાર ભ્રમણ કરતાં, છેદન, ભેદન, તાડન, તર્જન વિગેરે અનેક કષ્ટો તથા આપત્તિઓના ત્રાસથી કષ્ટ પામતાં મનુષ્યાત્માઓને તત્ત્વજ્ઞાન એ સર્વ દુઃખ તથા પીડાથી મુક્ત થવાનું, ત્રિવિધ તાપ તથા સંસારના પરિભ્રમણથી છુટવાનું, પરમ શાંતિનું ધામ છે, માટેજ વિચારશીલ આત્માઓએ હજારો લાવણ્યવતી લલનાઓ, સ્વર્ગ સમાન મહાલયો, લાખો અને કરોડો આજ્ઞાંકિત નોકરો, સ્નેહબદ્ધ મિત્રો, પ્રેમાળ કુટુંબીઓ, અનર્ગલ ધન સંપત્તિ અને છ ખંડની રાજ્યલક્ષ્મી વિગેરેને વિનાશી જાણી તે સર્વનો તૃણવત્ ત્યાગ કરી પરમાત્માના ભજન અને તત્ત્વજ્ઞાનની સિદ્ધિ માટે હજારો મહા-રાજાઓ જંગલમાં ચાલ્યા ગયા. સર્વ ધર્મનું મૂળ તત્ત્વજ્ઞાન છે. માયાનાં આવરણોનો લય કરી પોતાનાં આત્મ-સ્વરૂપનો અનુભવ કરવો તેને જ્ઞાનીઓ તત્ત્વજ્ઞાન કહે છે. જૈન શાસ્ત્રકાર જણાવે છે કે ' **एगं जाणइ सो सव्वं जाणइ** ' જેણે એક આત્માને જાણ્યો તેણે સર્વને જાણ્યો. સેનાપતિ વિનાની કરોડો માણસોની પ્રજા જેમ નકામી છે, પતિ વિના સ્રીનું જીવન જેમ નિષ્ફળ છે, સૂર્યના પ્રકાશ વિનાની રાત્રિ જેમ ભયંકર છે, ચક્ષુ વિનાનું જીવન જેમ કષ્ટદાયી છે, જીવન વિનાનું શબ જેમ બીન ઉપયોગી છે, તેમ આત્મ-જ્ઞાન વિના તપ, જપ તથા વ્રતાદિક સર્વ સાધનો નિષ્ફળ, કષ્ટદાયી અને સંસારની વૃદ્ધિ કરનારાં છે. ભક્તાત્મા નરસિંહ મ્હેતો પણ જણાવે છે કે—

' જ્યહાં લગી આત્માતત્ત્વ ચિંત્યો નહિ,
ત્યહાં લગી સાધના સર્વ જૂઠી. '

હીરા માણેક જડિત હજારો આભૂષણો હોય, પણ જીવન વિનાનાં મડદાંને તે નકામા છે, તેમ આત્મજ્ઞાનરૂપ જીવન વિનાના તપજપાદિરૂપ આભૂષણો પણ ભારભૂત છે. માટે જ્યાંસુધી માયાના આવરણોથી છૂટો થઇ, દેહાધ્યાસ બુદ્ધિનો લય કરી, સ્વરૂપાકાર વૃત્તિમય બની પોતાનાં સ્વરૂપને ઓળખ્યા વિના આત્માનો સાક્ષાત્કાર કરી અનુભવજ્ઞાન થયા વિના સર્વ સાધનો નિષ્ફળ જાય છે. આત્મજ્ઞાન વિના મનુષ્યોની બાહ્યકરણીઓ એકડા વિનાના મીંડા જેવી થાય છે. "

**" શ્રી સદ્બોધ સંગ્રહ " માંથી.**

For Private And Personal Use Only